Wednesday
07.01.2026
✳Volume :10 ✳ Issue No.180
✳Email.: kamalamgujarat@gmail.com
✳www.kamalamgujarat.com
✳Editor :Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત વંદે માતરમ્ RNI No.:GUJGUJ/2016/73451

કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

KAMALAM Daily

✳Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✳Page :04✳Rs. 00.25/- ✳Annual Rs. 90/-

વિદ્યાર્થી કાર્યકર્તાઓએ માત્ર કેમ્પસની સમસ્યાઓ પૂરતું સીમિત ન રહેતા પર્યાવરણ સુરક્ષા, જળસંચય, સામાજિક સમરસતા સહિતના રચનાત્મક કાર્યોમાં જોડાવું જોઈએ : નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી

એ.બી.વી.પી. ગુજરાતના ૫૭ માં પ્રદેશ અધિવેશનને ખુલ્લુ મુકતા નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષ સંઘવી

કમલમ્, આણંદ

વિદ્યાર્થી શક્તિ અને રાષ્ટ્ર નિર્માણના સંકલ્પ સાથે કાર્યરત વિશ્વના સૌથી મોટા વિદ્યાર્થી સંગઠન 'અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ' (ABVP) ગુજરાત પ્રદેશના ૫૭ માં પ્રદેશ અધિવેશનનો નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવીએ દીપ પ્રાગટ્ય દ્વારા શુભારંભ કરાવ્યો હતો. આણંદના ત્રિભુવનદાસ પટેલ નગર ખાતે યોજાયેલા આ ત્રિ-દિવસીય અધિવેશનના ઉદઘાટન સમારોહમાં આણંદ જિલ્લાના પ્રભારી મંત્રી શ્રી સંજયસિંહ મહિડા સહિતના મહાનુભાવો પ્રેરક ઉપસ્થિત રહયાં હતા. આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીએ તેમના પ્રાસંગિક ઉદબોધનમાં આણંદની પાવન ધરતી અને સરદાર પટેલની ખુમારી તેમજ શ્વેત ક્રાંતિના પ્રતીક સમાન આ ભૂમિના મહત્ત્વને રેખાંકિત કર્યું હતું તેમજ તેમણે વિદ્યાર્થીઓને રાષ્ટ્રહિતમાં કાર્ય કરવાની વિચારધારાને આજીવન અપનાવી દેશહિતમાં કાર્ય કરતા રહેવા જણાવ્યું હતું નાયબ મુખ્યમંત્રીશ્રીએ યુવાનોને માત્ર સપના જોવાને બદલે તેને સાકાર કરવા માટે અથાક મહેનત કરવાની શીખ આપી હતી. તેમણે જણાવ્યું કે આઝાદી પૂર્વે અને પછી અનેક દેશભક્તોએ પોતાનું જીવન રાષ્ટ્ર માટે ખપાવી દીધું છે, ત્યારે આજનો યુવા પણ રાષ્ટ્રભક્તિમાં પોતાનો સમય આપે તે જરૂરી છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના 'વિકસિત ભારત'ના સંકલ્પનો ઉલ્લેખ કરતા તેમણે જણાવ્યું હતું કે હવે વિદ્યાર્થી કાર્યકર્તાઓએ માત્ર કેમ્પસની સમસ્યાઓ પૂરતું સીમિત ન રહેતા પર્યાવરણ સુરક્ષા, જળસંચય, સામાજિક સમરસતા અને ઈનોવેશન (સ્ટાર્ટઅપ) જેવા રચનાત્મક કાર્યોમાં જોડાવું જોઈએ. તેમણે કલમ ૩૭૦ની નાબૂદી, રામ મંદિરનું નિર્માણ, ટ્રિપલ તલાકની નાબૂદી અને CAA જેવા ઐતિહાસિક નિર્ણયોને યાદ કરી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના વર્તમાન નેતૃત્વની દ્રઢ ઈચ્છાશક્તિ વિશે જણાવી કાશ્મીરના લાલ ચોક પર લહેરાતા તિરંગાને દેશવાસીઓ માટે ગૌરવનું પ્રતીક ગણાવ્યું હતું. કાર્યક્રમના મુખ્ય અતિથિ તરીકે કે. પી. ગુપ્તા સંસ્થાપક ડો. હરગ્રેવભાઈ પટેલે યુવા ઉદ્યોગસાહસિકતા અને શૈક્ષણિક મૂલ્યો પર ભાર મૂક્યો હતો. તેમણે આ સંમેલન એ માત્ર મેળાવડો નહીં પણ 'વૈચારિક કુટુંબ' નો સંગમ છે. રાણી અબ્બક્કા દેવી, ભગવાન બિરસામુંડા અને સરદાર પટેલ જેવા મહાપુરુષોની સ્મૃતિના અવસરે યોજાયેલા આ કાર્યક્રમમાં ઉપસ્થિત યુવાઓને તેમણે ભારતનું ભાગ્ય ગણાવ્યા હતા. તેમણે આજનો વિદ્યાર્થી માત્ર ડિગ્રી અને પેકેજના ચક્રવ્યૂહમાં ફસાઈને 'પરીક્ષાલક્ષી' બની ગયો છે, તેમ કહી તેમણે ભારપૂર્વક જણાવ્યું કે જ્ઞાન, ચારિત્ર્ય અને એકતા વગર ડિગ્રી માત્ર કાગળનો ટુકડો છે. શહીદ ભગતસિંહનું ઉદાહરણ આપતા તેમણે સમજાવ્યું કે ૨૨-૨૩ વર્ષની ઉંમરે ભગતસિંહે અંગત સુખનો ત્યાગ કરી રાષ્ટ્ર આઝાદીનું લક્ષ્ય સેવ્યું હતું, જ્યારે આજનો યુવાન સોશિયલ મીડિયાના વ્યુઝ અને પ્રસિદ્ધિમાં ખોવાઈ રહ્યો છે. તેમણે યુવાનોને સંસ્કાર અને વિનમ્રતા કેળવી 'રાષ્ટ્ર પ્રથમ' ના સંકલ્પ સાથે સામાજિક જવાબદારી ઉઠાવવા આહવાન કર્યું હતું. અંતમાં, તેમણે ગુજરાતની છાત્રશક્તિને અખંડ ભારતના પાયા સમાન ગણાવી રાષ્ટ્ર નિર્માણમાં જોડાવા પ્રોત્સાહન આપ્યું હતું. આ તકે ABVP ના રાષ્ટ્રીય સહ સંગઠન મંત્રી શ્રી એસ. બાલકૃષ્ણએ વિદ્યાર્થી પરિષદની વિચારધારા અને આગામી વર્ષના લક્ષ્યો વિશે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. તેમણે ભારપૂર્વક કહ્યું કે ભલે આપણી ભાષા કે વેશભૂષા અલગ હોય, પરંતુ 'એક દેશ'ની ભાવના સાથે આપણા સૌની હૃદયની ભાષા એક જ છે. આ અધિવેશનમાં સહભાગી થવા બદલ ખુશી વ્યક્ત કરતા તેમણે ગુજરાતની પવિત્ર ભૂમિ, સરદાર વલ્લભભાઈ પટેલ અને અમૂલના સફળ મોડેલને નમન કર્યા હતા. તેમણે ભૂતકાળમાં ગુજરાતમાં યોજાયેલા રાષ્ટ્રીય કાર્યક્રમોને યાદ કરતા જણાવ્યું કે, કર્ણાવતીના રાષ્ટ્રીય અધિવેશનમાં 'ઝીરો ફૂડ વેસ્ટેજ' અને સુરતની બેઠકમાં 'ઈકો-ફ્રેન્ડલી કેમ્પસ' જેવા નવતર પ્રયોગો કરીને ગુજરાત પ્રાંતે સમગ્ર દેશના કાર્યકર્તાઓને એક નવી દિશા અને પ્રેરણા પૂરી પાડી છે. અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદના ગુજરાતના પ્રદેશ અધ્યક્ષ લક્ષ્મણભાઈ ભૂતણિયાએ આણંદને શૌર્ય, સહકાર અને શિક્ષણની પવિત્ર ભૂમિ ગણાવતા સરદાર પટેલ, વિઠ્ઠલભાઈ પટેલ અને ક્રાંતિવીર ગરબડદાસ મુખી જેવા દેશભક્તોને યાદ કર્યા હતા.

તેમણે શ્વેત ક્રાંતિના પ્રણેતા ત્રિભુવનદાસ પટેલ અને અમૂલ દ્વારા મહિલા સશક્તિકરણના ક્ષેત્રે થયેલા ભગીરથ કાર્યનો ઉલ્લેખ કર્યો હતો. વર્તમાન વર્ષના મહત્વ પર પ્રકાશ પાડતા તેમણે જણાવ્યું કે, આ વર્ષ સરદાર પટેલ અને ભગવાન બિરસા મુંડાની ૧૫૦ મી જન્મજયંતી, રાણી અબક્કા દેવીનું ૫૦૦ મું વર્ષ અને ગુરુ તેગ બહાદુરજીની ૩૫૦ મી પુણ્યતિથિ જેવા અનેક ઐતિહાસિક પર્વોનો સંગમ છે. તેમણે અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ (ABVP) ની વિકાસયાત્રાની પ્રશંસા કરતા કહ્યું કે, પાંચ સભ્યોથી શરૂ થયેલું આ સંગઠન આજે ગુજરાતમાં ૩.૫ લાખથી વધુ સભ્યો સાથે વટવૃક્ષ બન્યું છે. વિદ્યાર્થી પરિષદ માત્ર સમસ્યાઓ જ નહીં પરંતુ ઉકેલ આપવામાં માને છે અને 'વિદ્યાર્થી એ આવતીકાલનો નહીં પણ આજનો નાગરિક છે' તેવા ધ્યેય સાથે રાષ્ટ્ર નિર્માણનું કાર્ય કરી રહ્યું છે તેમ જણાવ્યું હતું. આ તકે નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી અને આણંદ જિલ્લાના પ્રભારી મંત્રીશ્રી સંજયસિંહ મહિડાના આગમન સમયે જિલ્લા કલેકટરશ્રી પ્રવીણ ચૌધરી અને જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી દેવાહુની એ તેમને પુષ્પગુચ્છથી આવકાર્યા હતા. આ તકે આણંદના સાંસદ શ્રી મિતેશભાઈ પટેલ, વડોદરાના સાંસદ શ્રી હેમાંગ જોશી, ધારાસભ્ય સવશ્રી યોગેશભાઈ પટેલ, શ્રી ચિરાગભાઈ પટેલ, શ્રી વિપુલભાઈ પટેલ, નડિયાદના ધારાસભ્ય શ્રી પંકજભાઈ દેસાઈ, આણંદ જિલ્લા અગ્રણી શ્રી સંજયભાઈ પટેલ, નિરવ અમીન, પ્રદેશમંત્રી દેવાંશભાઈ બ્રહ્મભટ્ટ, રાષ્ટ્રીય કારોબારી સદસ્ય કુ.મેઘાબેન વાઘેલા, સ્વાગત સમિતિના અધ્યક્ષ મેહુલભાઈ પટેલ, સ્વાગત સમિતિના મંત્રી પિંકલભાઈ, નગર અધ્યક્ષા ડો. જેતલબાઈ, નગર મંત્રી, રાષ્ટ્રીય ઉપાધ્યક્ષા સવશ્રી, ક્ષેત્રીય સંગઠન મંત્રી તથા રાષ્ટ્રીય મંત્રી ઉપરાંત સ્થાયી કાર્યકર્તાઓ તેમજ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ આણંદના નવા બસ સ્ટેન્ડની આકસ્મિક મુલાકાત લીધી

વિદ્યાર્થીઓ અને વિભાગના કર્મીઓ સાથે સીધો સંવાદ કરી સુવિધાઓનું નિરીક્ષણ કર્યું

કમલમ્, આણંદ

ગુજરાતના નાયબ મુખ્ય મંત્રી તથા ગૃહ અને વાહન વ્યવહાર મંત્રીશ્રી હર્ષ સંઘવીએ આજે તેમના આણંદ જિલ્લાના પ્રવાસ દરમિયાન આણંદના નવા બસ સ્ટેન્ડની આકસ્મિક મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન તેમણે બસ સ્ટેન્ડમાં ઉપલબ્ધ સુવિધાઓ તથા બસના વિવિધ રૂટ અને તેના આવાગમનના સમય સહિતની બાબતોની જાણકારી મેળવી મુસાફરો તેમજ વિદ્યાર્થીઓ સાથે સીધો સંવાદ સાધી તેમની જરૂરિયાતોથી માહિતગાર થયા હતા. આ મુલાકાત દરમિયાન આણંદના ધારાસભ્ય શ્રી યોગેશ પટેલે નાયબ મુખ્યમંત્રીશ્રીને નવા બસ સ્ટેન્ડ માટે હાથ ધરવામાં આવનાર વિકાસલક્ષી કામગીરીની ટુંકમાં જાણકારી આપી હતી. તેમજ શ્રી સંઘવીએ આગામી સમયમાં મુસાફરોને આધુનિક સુવિધાઓ મળી રહે તે માટેના આયોજન અંગે માર્ગદર્શક સૂચનો આપ્યા હતા. આ વેળાએ મંત્રીશ્રી હર્ષ સંઘવીએ સ્ટેન્ડ પર ઊભેલી બોરસદ રૂટની બસમાં પ્રવેશી તેમાં બેઠેલા વિદ્યાર્થીઓ સાથે મુલાકાત કરી હતી. તેમણે વિદ્યાર્થીઓને પડતી મુશ્કેલીઓ અને બસના સમયપત્રક અંગે પૃચ્છા કરી બસમાં સ્વચ્છતાના માપદંડોનું જાત નિરીક્ષણ કર્યું હતું. તેમણે બસમાં ઉપસ્થિત મુસાફરો અને વિદ્યાર્થીઓને સ્વચ્છતા નું પાલન કરવા અને સ્વચ્છતા જાળવવા માટે અન્યોને પ્રેરિત કરવા અનુરોધ કર્યો હતો. મુલાકાત દરમિયાન વાહન વ્યવહાર મંત્રીશ્રીએ સંકેત આપ્યા હતા કે રાજ્યભરમાં આગામી સમયમાં નવી ૨૦૦ બસો શરૂ કરવામાં આવશે. જેમાંથી ૪ નવી બસો આણંદ-બોરસદ રૂટ પર કાળવવામાં આવશે, જેનાથી મુસાફરો અને વિદ્યાર્થીઓને મોટી રાહત મળશે. વધુમાં ખંભાત સુધીની બસોના રૂટની સંખ્યામાં પણ વધારો કરાશે તેવો વિશ્વાસ અપાયો હતો. મંત્રીશ્રીએ આ તકે સ્ટેન્ડ પરના ઈ-કવાયરી વિન્ડો પર ફરજરત GSRTC ના અધિકારીઓ અને કર્મચારીઓ સાથે પણ સંવાદ કર્યો હતો. તેમણે બસ સેવાઓમાં ખૂટતી કડીઓ અને જરૂરી સુવિધાઓનો તાગ મેળવીને તંત્રને જરૂરી સૂચનાઓ આપી હતી. બસ સ્ટેન્ડ પર સ્વચ્છતા જળવાય અને મુસાફરોને કોઈ તકલીફ ન પડે તેમજ પરિવહન સેવા વધુ સુદ્રઢ બને તે બાબત પર તેમણે ભાર મૂક્યો હતો. આ વેળાએ આણંદ જિલ્લાના પ્રભારી મંત્રીશ્રી સંજયસિંહ મહીડા, આણંદના સાંસદ શ્રી મિતેશભાઈ પટેલ અને વડોદરાના સાંસદ શ્રી હેમાંગ જોશી, ધારાસભ્ય સર્વ શ્રી યોગેશ પટેલ, શ્રી ચિરાગ પટેલ સહિત જિલ્લાના પદાધિકારીઓ અને અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ બીએપીએસ સ્વામિનારાયણ સંસ્થાની સૌજન્ય મુલાકાત લીધી

ભગવત ચરણ સ્વામી એ નાયબ મુખ્યમંત્રીશ્રીને આવકારી આશિર્વચન આપ્યા

કમલમ્,

આણંદ ખાતે પધારેલા રાજ્યના નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીએ આણંદ ખાતે અક્ષરફાર્મમાં બીએપીએસ સ્વામિનારાયણ સંસ્થાની સૌજન્ય મુલાકાત લીધી હતી. સ્વામિનારાયણ સંસ્થાના ભગવત ચરણ સ્વામીએ નાયબ મુખ્યમંત્રીશ્રીને આવકારી આશિર્વચન આપ્યા હતા. આ સમયે આણંદ જિલ્લાના પ્રભારી મંત્રી શ્રી સંજયસિંહ મહિડા, આણંદના સાંસદ શ્રી મિતેશભાઇ પટેલ, વડોદરા ના સાંસદ શ્રી હેમાંગ જોશી, ધારાસભ્ય શ્રી યોગેશભાઈ પટેલ, વિપુલભાઈ પટેલ, ચિરાગભાઈ પટેલ, અગ્રણી શ્રી સંજયભાઈ પટેલ, શ્રી નીરવ અમીન ઉપસ્થિત રહ્યા હતા સર્વનું ભગવત ચરણ સ્વામીએ સ્વાગત કરી આશીર્વાદ આપ્યા હતા.

તંત્રી સ્થાનેથી......

ગુજરાતમાં કૃષિ ક્ષેત્રે કઠોળના પાકોએ છેલ્લા કેટલાક વર્ષોમાં અભૂતપૂર્વ પ્રગતિ કરી છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના 'આત્મનિર્ભર ભારત' મિશન હેઠળ ગુજરાત હવે દેશમાં કઠોળ ઉત્પાદનમાં અગ્રેસર રાજ્ય તરીકે ઊભરી આવ્યું છે. ખાસ કરીને ચણા અને તુવેરના ઉત્પાદનમાં ગુજરાત રાષ્ટ્રીય સ્તરે નોંધપાત્ર પ્રગતિ કરી રહ્યું છે. છેલ્લા ૬ વર્ષ દરમિયાન રાજ્યમાં કઠોળ પાકની ઉત્પાદકતામાં સવા ગણો, વાવેતર વિસ્તારમાં દોઢ ગણો અને ઉત્પાદનમાં બમણો વધારો થયો છે. વર્ષ ૨૦૧૯-૨૦માં રાજ્યમાં કઠોળ પાકોનો કુલ વાવેતર વિસ્તાર ૯ લાખ હેક્ટર, ઉત્પાદન ૧૦.૫૮ લાખ મેટ્રિક ટન અને ઉત્પાદકતા ૧,૧૭૩ કિગ્રા પ્રતિ હેક્ટર હતી. જ્યારે, વર્ષ ૨૦૨૪-૨૫માં કઠોળ પાકોનો કુલ વાવેતર વિસ્તાર ૧૪.૩૯ લાખ હેક્ટર, ઉત્પાદન ૨૧.૫૨ લાખ મેટ્રિક ટન અને ઉત્પાદકતા ૧,૪૯૫ કિગ્રા પ્રતિ હેક્ટર નોંધાઈ છે. ગુજરાતમાં ચણા એ સૌથી મહત્વનો કઠોળ પાક છે, જે રાજ્યના કુલ કઠોળ ઉત્પાદનમાં ૭૦ ટકાથી વધુ હિસ્સો ધરાવે છે. વર્ષ ૨૦૧૯-૨૦માં રાજ્યમાં ચણાનું કુલ ઉત્પાદન ૬.૩૬ લાખ મેટ્રિક ટન હતું, જેની સામે અઢી ગણા વધારા સાથે વર્ષ ૨૦૨૪-૨૫માં ૧૫.૬૩ લાખ મેટ્રિક ટન ઉત્પાદન નોંધાયું હતું. તેવી જ રીતે, તુવેરના ઉત્પાદનમાં પણ ગુજરાત દેશના મોખરાના રાજ્યોમાં સ્થાન ધરાવે છે. વર્ષ ૨૦૧૯-૨૦માં રાજ્યમાં તુવેરનું કુલ ઉત્પાદન ૨.૧૦ લાખ મેટ્રિક ટન હતું, જેની સામે ૪૫ ટકાની વૃદ્ધિ સાથે વર્ષ ૨૦૨૪-૨૫માં ૩.૦૮ લાખ મેટ્રિક ટન ઉત્પાદન નોંધાયું હતું. આ ઉપરાંત અડદ, મગ અને મઠ જેવા અન્ય કઠોળ પાકોનું પણ હવે ગુજરાતમાં પુષ્કળ વાવેતર થઈ રહ્યું છે. વર્ષ ૨૦૨૪-૨૫માં રાજ્યમાં અડદનું ૧.૧૪ લાખ હેક્ટરમાં વાવેતર અને આશરે ૯૦,૦૦૦ મેટ્રિક ટન ઉત્પાદન નોંધાયું હતું. તેવી જ રીતે, મગનું ૧.૩૮ લાખ હેક્ટરમાં વાવેતર અને આશરે ૧.૨૬ લાખ મેટ્રિક ટન ઉત્પાદન થયું હતું. મઠ એ મુખ્યત્વે સૂકા અને અર્ધ-સૂકા વિસ્તારોનો પાક છે. કચ્છ અને ઉત્તર ગુજરાતના બનાસકાંઠા જેવા જિલ્લાઓમાં મઠનું વાવેતર વધુ જોવા મળે છે. આ ઉપરાંત ચોળા, વાલ અને વટાણા પણ ગૌણ કઠોળ તરીકે લેવામાં આવે છે. મઠ સહિતના અન્ય કઠોળ પાકોનું વર્ષ ૨૦૨૪-૨૫માં ૭૨,૦૦૦ હેક્ટરમાં વાવેતર અને ૬૪,૦૦૦ મેટ્રિક ટનથી વધુ ઉત્પાદન નોંધાયું હતું. ગુજરાતમાં કઠોળના પાકમાં થયેલી આ ક્રાંતિ પાછળ રાજ્ય સરકારની અનેક મહત્વપૂર્ણ પહેલો જવાબદાર છે. 'સૌની યોજના' અને 'સુજલામ સુફલામ' જેવી યોજનાઓ દ્વારા રવિ અને ઉનાળુ પાક માટે પાણીની ઉપલબ્ધતા વધી છે. વળી, સરકાર દ્વારા કઠોળના ટેકાના ભાવમાં ૧૧ થી ૩૧ ટકા જેટલો વધારો કરવામાં આવતા ખેડૂતો કઠોળની ખેતી તરફ વળ્યા છે. આ ઉપરાંત રાજ્યની કૃષિ યુનિવર્સિટીઓ દ્વારા વિકસાવવામાં આવેલી 'ગુજરાત ચણા-૩' અને 'ગુજરાત મગ-૪' જેવી સુધારેલી જાતોથી હેક્ટર દીઠ ઉત્પાદન પણ વધ્યું છે. સાથે જ, રાજ્યમાંથી કઠોળની નિકાસ બમણી થતા વાવેતર વિસ્તાર, ઉત્પાદન અને ઉત્પાદકતામાં ધરખમ વધારો જોવા મળી રહ્યો છે.

નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીનો રાજકોટમાં સૌરાષ્ટ્ર-કચ્છના અગ્રણી ઉદ્યોગકારો સાથે સંવાદ

વાઇબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સમાં ભાગ લેવા ઉદ્યોગકારોને આહવાન કરતા નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી

રાજ્યના સર્વાંગી વિકાસના હેતુસર મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ગુજરાત સરકાર હંમેશા ઉદ્યોગોની સાથે ઊભી છેઃ શ્રી હર્ષભાઈ સંઘવી

કમલમ્, રાજકોટ

નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીએ રાજકોટ ખાતે સૌરાષ્ટ્ર-કચ્છના અગ્રણી ઉદ્યોગકારો સાથે સંવાદ કર્યો હતો. જેમાં તેમણે રાજ્યના સર્વાંગી વિકાસના હેતુસર મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ગુજરાત સરકાર હંમેશા ઉદ્યોગોની સાથે ઊભી હોવાની ખાતરી આપી હતી. નાયબ મુખ્યમંત્રીશ્રીએ આ તકે વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ જેવા પ્લેટફોર્મ થકી રાજ્યમાં રોકાણ વધારવા અને ગુજરાતના વિકાસને પાંખો આપવા ઉદ્યોગકારોને આહવાન કર્યું હતું. આ અવસરે નાયબ મુખ્યમંત્રીશ્રીના હસ્તે ૧૦,૪૩૫ ઉદ્યોગ સાહસિકોને રૂ. ૯૫૬.૫૧ કરોડની પ્રોત્સાહક સહાય વિતરણ તેમજ ઉદ્યોગ વિભાગની વિવિધ યોજના હેઠળ ૧૩૭ ઉદ્યોગોને રૂ. ૬૬૧ કરોડના મંજૂરીપત્રોના વિતરણ કરવામાં આવ્યા હતા. રાજકોટ જિલ્લા કલેક્ટર કચેરી ખાતે સંવાદ કાર્યક્રમમાં શ્રી હર્ષભાઈ સંઘવીએ ઉદ્યોગકારોને સંબોધતા કહ્યું હતું કે, રાજ્યના ઉદ્યોગકારો સાહસ અને રોકાણ કરીને હજારો, લાખો યુવાનોના સપના સાકાર કરે છે, ત્યારે રાજ્ય સરકાર પણ ઉદ્યોગકારોના પ્રશ્નો હલ કરીને, તેઓ સરળતાથી રોકાણ, ઉત્પાદન કરીને ઉદ્યોગ ધંધાનો વિકાસ કરી શકે તે દિશામાં આગવા અભિગમ સાથે પ્રયત્નશીલ છે. તેમણે કહ્યું હતું કે, રાજકોટ એ ગુજરાતનું ગ્રોથ એન્જિન છે જ. રાજકોટ હાલ રોકાણ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર સહિતના મુદ્દે રોકેટ ગતિએ ઊડી રહ્યું છે. આગામી દિવસોમાં વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ રાજકોટમાં થવા જઈ રહી છે અને ૧૧મી જાન્યુઆરીએ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી તેનો પ્રારંભ કરાવવાના છે. આ કોન્ફરન્સથી રાજકોટ અને સૌરાષ્ટ્ર-કચ્છના ઉદ્યોગોને બહુ મોટું પ્લેટફોર્મ અને બુસ્ટ મળશે. નાના ઉદ્યોગોના વિકાસ માટે સરકાર દ્વારા થઈ રહેલી પ્રક્રિયાઓનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું હતું કે, એમ.એસ.એમ.ઈ.નો વિકાસમાં મહત્વનો ફાળો હોય છે. આથી મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકાર આ સેક્ટરને બુસ્ટ કરવા પ્રયાસ કરી રહી છે. આ માટે વહીવટી તેમજ કાગળ પરની પ્રક્રિયાઓ સરળ બનાવીને ઉદ્યોગોના પ્રશ્નોના નિકાલ કરવામાં આવી રહ્યા છે. ઉદ્યોગોના હિત માટે રાજ્યના ઉદ્યોગ વિભાગ દ્વારા થઈ રહેલી કામગીરીને બિરદાવતા તેમણે કહ્યું હતું કે, અગાઉ રોજ ૨૨૫ જેટલા ઉદ્યોગકારોને સબસીડી અપાતી, હવે રોજ ૪૫૦ સબસીડી મંજૂર કરાય છે અને આગામી દિવસોમાં રોજની ૭૦૦ સબસીડીની મંજૂરી સુધી પહોંચવાનો લક્ષ્યાંક છે. આ તકે તેમણે કહ્યું હતું કે, દેશમાં પહેલીવાર ખૂબ જ ટૂંકા સમયમાં રાજ્યમાં ૧૬થી વધુ જી.આઈ.ડી.સી. માટે જગ્યાની ઓળખ કરીને તેને ફાળવવાની કામગીરી મહેસૂલ વિભાગે કરી છે, જે પ્રશંસનીય છે. આ બેઠકનો ધ્યેય સ્પષ્ટ કરતા તેમણે કહ્યું હતું કે, ઉદ્યોગકારોને તેમના પ્રશ્નો કે રજૂઆતો માટે ગાંધીનગર સુધી આવવું ના પડે, તેમના નાના મોટા પ્રશ્નોનો તત્કાલ નિકાલ કરી શકાય તે માટે સરકાર વિવિધ વિભાગો સાથે તમારે દ્વાર આવી છે. ઉદ્યોગકારો રાજ્યના લાખો યુવાનોને રોજગારી આપીને તેમના સપના સાકાર કરી રહ્યા છે ત્યારે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ગુજરાત સરકાર એક સહયોગી તરીકે તમારી પડખે ઊભી છે, એવો વિશ્વાસ તેમણે ઉદ્યોગકારોને અપાવ્યો હતો. આ તકે તેમણે રાજ્યની ઔદ્યોગિક નીતિ હેઠળ આજે ૧૦,૪૩૫ ઉદ્યોગ સાહસિકોને રૂપિયા ૯૫૬.૫૧ કરોડની પ્રોત્સાહક સહાય વિતરણ તેમજ ઉદ્યોગ વિભાગની ટેક્સટાઈલ, ઈન્સેન્ટિવ ટુ ઈન્ડસ્ટ્રીઝ, પર્યાવરણ, ઔદ્યોગિક માળખા વગેરે જેવી વિવિધ યોજના હેઠળ ૧૩૭ ઉદ્યોગ સાહસિકોને રૂ. ૬૭૧ કરોડના મંજૂરીપત્રોનું વિતરણ કરવાની જાહેરાત પણ કરી હતી. આ તકે રાજકોટના પ્રભારી મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ સંબોધન કરતા જણાવ્યું હતું કે, રાજકોટ એ રાજ્યનો અત્યંત મહત્વનો ઔદ્યોગિક ગઢ છે. સ્થાનિક ધારાસભ્યો અને લોકપ્રતિનિધિઓ ઉદ્યોગ જગતના નાના-મોટા પ્રશ્નોના નિરાકરણ માટે મુખ્યમંત્રીશ્રી અને સરકાર સમક્ષ સતત જાગૃત રહી રજૂઆતો કરતા રહે છે, જે રાજકોટની વિકાસયાત્રાને વેગ આપી રહી છે. મંત્રીશ્રીએ નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીનો આભાર વ્યક્ત કરતા ઉમેર્યું હતું કે, આ કદાચ પ્રથમ એવી ઘટના છે જ્યારે આખું ઈન્ડસ્ટ્રી ડિપાર્ટમેન્ટ, તેના ઉચ્ચ સચિવો અને તમામ વરિષ્ઠ અધિકારીગણ સૌરાષ્ટ્ર કચ્છ સહિત રાજકોટના ઉદ્યોગપતિઓના પ્રશ્નોને રૂબરૂ સાંભળવા અને સ્થળ પર જ નિરાકરણ લાવવા માટે ઉપસ્થિત રહ્યા છે. જે સરકારની ઉદ્યોગો પ્રત્યેની સંવેદનશીલતા અને સકારાત્મક અભિગમ દર્શાવે છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિઝન અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર ભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્યમાં ચાલી રહેલી વિકાસની તેજ ગતિનો ઉલ્લેખ કરતા મંત્રીશ્રીએ જણાવ્યું કે, સૌરાષ્ટ્ર અને કચ્છમાં યોજાઈ રહેલી આ વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ ઉદ્યોગ જગત માટે નવા યુગનું પ્રવેશદ્વાર સાબિત થશે. જિલ્લા સ્તરે યોજાયેલા વર્કશોપ અને કોન્ફરન્સના પરિણામે કરોડો રૂપિયાના એમઓયુ થઈ રહ્યા છે. મંત્રીશ્રીએ ઉદ્યોગપતિઓ અને વેપારીઓને ખાતરી આપતા જણાવ્યું હતું કે, ઉદ્યોગ જગતની મુશ્કેલીઓનો કાયમી ઉકેલ લાવવો અને યોગ્ય સમાધાન કરવું એ સરકારની પ્રાથમિક જવાબદારી છે. ઉદ્યોગ અને ખાણ વિભાગના અધિક મુખ્ય સચિવ સુશ્રી મમતા વર્મા દ્વારા શાબ્દિક સ્વાગત સાથે કાર્યક્રમની વિસ્તૃત રૂપરેખા રજૂ કરી હતી. જ્યારે રાજકોટ જિલ્લા કલેક્ટરશ્રી ડૉ.ઓમ પ્રકાશે આભારવિધિ કરી હતી. જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી પ્રવિણાબેન રંગાણી, સાંસદ શ્રી કેસરીદેવસિંહ ઝાલા, ધારાસભ્યો સવશ્રી ઉદયભાઈ કાનગડ, શ્રી રમેશભાઈ ટીલાળા, ડૉ. મહેન્દ્રભાઈ પાડલીયા, શ્રીમતી ભાનુબેન બાબરીયા, ડૉ. દર્શિતાબેન શાહ, શ્રી દુર્લભજીભાઈ દેથરીયા, પૂર્વ સાંસદ શ્રી રમેશભાઈ ધડુક, શ્રી માધવભાઈ દવે સહિતના અગ્રણીઓ, મહેસૂલ વિભાગના અધિક મુખ્ય સચિવ સુશ્રી જયંતિ રવિ, ઉદ્યોગ કમિશનર શ્રી પી.સ્વરૂપ, રેન્જ આઈ.જી. શ્રી અશોક યાદવ, સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ કમિશનર શ્રી સંદીપ સાંગલે, જિઓલોજી અને માઈનિંગ કમિશનર શ્રી, જીઆઈડીસીના એમ.ડી. સુશ્રી પ્રવિણા ડી.કે., સેટલમેન્ટ કમિશનર શ્રી બિજલ શાહ, મ્યુનિસિપલ કમિશનર શ્રી તુષાર સુમેરા, જી.પી.સી.બી. કમિશનર શ્રી, ઈન્ડેક્સબી એમ.ડી. શ્રી કે.સી. સંપટ, જિલ્લા કલેક્ટર શ્રી ડૉ. ઓમપ્રકાશ, જિલ્લા વિકાસ અધિકારી શ્રી અનંદુ સુરેશ ગોવિંદ સહિતના વરિષ્ઠ અધિકારીશ્રીઓ તેમજ સૌરાષ્ટ્ર કચ્છના અગ્રગણ્ય ઉદ્યોગકારો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

વાઇબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ સૌરાષ્ટ્ર-કચ્છના ઉદ્યોગ જગત માટે નવા યુગનું પ્રવેશદ્વાર બનશેઃ પ્રભારી મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી

ઉત્તર ગુજરાત દિવ્યાંગ કલ્યાણ સંઘ-વિસનગર દ્વારા ઊંઝા મુકામે પ્રગ્નાચક્ષુ ક્રિકેટ ટુર્નામેંટ ચોજાઈ

કમલમ્,

ઉત્તર ગુજરાત દિવ્યાંગ કલ્યાણ સંઘ-વિસનગર સંસ્થા દ્વારા ઊંઝા મુકામે તા.૦૪-૧-૨૦૨૬ના રોજ પ્રગ્નાચક્ષુ માટે બ્રેલ લીપીના શોધક મહાત્મા લુઈ બ્રેઈલના જન્મ દિવસની ઉજવણીના ભાગરૂપે પ્રગ્નાચક્ષુઓની ક્રિકેટ ટુર્નામેંટ ઊંઝા મુકામે ઉમિયા બાગ ઐઠોર ચાર રસ્તા પાસે યોજવામાં આવી આ ટુર્નામેંટના ઉદ્ઘાટન પ્રસંગે ઉદ્ઘાટક અને અધ્યક્ષ પદે ઊંઝાના ધારાસભ્ય મા.શ્રી કિરીટભાઈ પટેલ, મુખ્ય મહેમાન પદે ઉમિયા માતાજી સંસ્થાના મંત્રી મા.શ્રી જયંતીભાઈ પટેલ તેમજ સહમંત્રી મા.શ્રી વસંતભાઈ પટેલ (ચોકસી) હાજર રહી કાર્યક્રમને શોભાવ્યો હતો. મહેમાનશ્રીઓના વરદહસ્તે દીપ પ્રાગટ્ય કરી ક્રિકેટ ટુર્નામેંટ ને ખુલ્લી મૂકી હતી. મહેમાનશ્રીઓએ પોતાના પ્રાસંગિક પ્રવચનમાં સંસ્થાની સેવાકીય પ્રવૃતિઓને બિરદાવી મદદરૂપ બનવાની ખાત્રી આપી હતી. આ પ્રસંગે સંસ્થાની પ્રવૃતિઓની વિગતો તેમજ સ્વાગત પ્રવચન સંસ્થાના પ્રમુખશ્રી અશોકભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. માનદમંત્રીશ્રી કું.સુરેખાબેન પટેલ દ્વારા સૌનું આભાર પ્રગટ કરવામાં આવ્યો હતો. કાર્યક્રમને સફળ બનાવવા સંસ્થાના કર્મચારીગણે ભારે જહેમત ઉઠાવી હતી. આ ટુર્નામેંટ ઉમિયા માતાજી સંસ્થાન ના મેદાન પર સવારે ૮-૦૦ કલાકેથી સાંજે ૪-૦૦ કલાક સુધી રમાઈ હતી જેમાં ગુજરાતની પાટણ, મહેસાણા, ઉત્તર ગુજરાત વિકલાંગ-૧ અને ઉત્તર ગુજરાત વિકલાંગ-૨ ની મળી કુલ ચાર ટીમોએ ભાગ લીધો હતો. જેમાં મહેસાણાની ટીમ તેમજ ઉત્તર ગુજરાત વિકલાંગ-૧ની ટીમ ફાઈનલમાં આવતા આ બંને ટીમની મેચ યોજાઈ હતી જે માંથી મહેસાણા ટીમ વિજેતા ની ટીમ ચેમ્પિયન બની હતી. ટુર્નામેંટના સમાપન પ્રસંગે મુખ્ય મહેમાન પદે દિવ્યાંગ ક્રિકેટ કંટ્રોલ બોર્ડ ઓફ ઈન્ડિયાના ચેરમેન મા.શ્રી પંકજરાજમેવાડજી,એન.એબી.મહેસાણા જીલ્લા શાખા વિસનગર ના પૂર્વ શિક્ષક શ્રી કાદરભાઈ મન્સૂરી હાજર રહી વિજેતા ટીમ તથા તમામ ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતા અને ફાઈનલની બંને ટીમને ચેમ્પિયન તથા રનર્સઅપ ટ્રોફી અર્પણ કરી હતી, તેમજ મેન ઓફ ધી સિરિજ, બેસ્ટ બેસ્ટમેન અને બેસ્ટ બોલરને તેમજ તમામ ખેલાડીઓને રોકડ પુરસ્કાર તથા બ્લેક્રેટ અર્પણ કરી સૌને ખેલદિલી પૂર્વક રમવા બદલ અભિનંદન આપ્યા હતા. ઉપસ્થિત મહેમાનશ્રીઓએ સંસ્થાની કલ્યાણકારી પ્રવૃતિઓની સરાહના કરી હતી. સમાપન કાર્યક્રમના અંતમા સંસ્થાના માનદમંત્રી શ્રી કુ.સુરેખાબેન પટેલ દ્વારા ઉપસ્થિત સૌ મહેમાનો તેમજ ટુર્નામેંટને સફળ બનાવવા સહયોગ આપનાર સૌનો આભાર વ્યકત કરવામાં આવ્યો હતો. આ ક્રિકેટ ટુર્નામેન્ટના આયોજનના ઉમિયા માતાજી સંસ્થાન નો તેમજ દિનેશભાઈ ચોધરી હિરવાણી નો ખુબજ સારો સહયોગ મળ્યો હતો જે બદલ સંસ્થા પરિવાર તેમની સદાય આભારી રહેશે.

કમલમ્,

રાષ્ટ્રનિર્માણમાં શિક્ષકોની પાયાની ભૂમિકા રહેલી છે. ગુજરાત રાજ્ય (રાજ્ય અને રાષ્ટ્રીય) એવોર્ડી ટીચર્સ ફેડરેશન દ્વારા વાર્ષિક સાધારણ સભા તથા શૈક્ષણિક અધિવેશનનું આયોજન રાજ્ય કક્ષાના શિક્ષણમંત્રી શ્રીમતી રિવાબા આર. જાડેજા ની પ્રેરક ઉપસ્થિતિમાં પૂર્વ શિક્ષણમંત્રી તથા સંતરામપુર વિધાનસભા ધારાસભ્ય ડો કુબેરભાઈ ડીંડોર તેમજ શિક્ષણ ક્ષેત્રના મહાનુભાવોની પ્રેરણાદાયી હાજરીમાં સફળતાપૂર્વક યોજાયું. આ અવસરે ગુજરાત રાજ્ય (રાજ્ય અને રાષ્ટ્રીય) એવોર્ડી ટીચર્સ ફેડરેશન દ્વારા પૂર્વ શિક્ષણમંત્રી તથા સંતરામપુર વિધાનસભા ધારાસભ્ય ડો કુબેરભાઈ ડીંડોરનું ભવ્ય સ્વાગત કરી અપાર સ્નેહ અને લાગણી પ્રગટ કરવા બદલ સૌનો આભાર વ્યક્ત કર્યો વિદ્યાર્થીઓના શિક્ષણ અને સંસ્કારસિંચન પ્રત્યે સમર્પિત હોય તેવા શિક્ષકોનું સમાજમાં ખૂબ આદરભર્યું સ્થાન છે. કંકરમાંથી શંકર બનાવવાનું કામ કરતા ફરજનિષ્ઠ શિક્ષકોના હિત માટે રાજ્ય સરકાર સદૈવ પ્રતિબદ્ધ છે.

નિકોલ ખાતે અમદાવાદ ગ્રામ્ય જિલ્લા કક્ષાનો 'કારકિર્દી માર્ગદર્શન સેમિનાર-૨૦૨૫-૨૬' યોજાયો

ધોરણ ૧૦ અને ૧૨ના ૧૦૦૦થી વધુ વિદ્યાર્થીઓએ નિષ્ણાતો પાસેથી મેળવ્યું માર્ગદર્શન

કમલમ્,

સમગ્ર શિક્ષા ગાંધીનગર પ્રેરિત અને જિલ્લા શિક્ષણાધિકારી કચેરી અમદાવાદ (ગ્રામ્ય) દ્વારા આયોજિત જિલ્લા કક્ષાનો 'કારકિર્દી માર્ગદર્શન સેમિનાર - ૨૦૨૫-૨૬' નિકોલ સ્થિત દેવસ્ય ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે યોજાયો હતો. ધોરણ-૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓ પરીક્ષામાં ઉત્તમ સિદ્ધિ પ્રાપ્ત કરે અને તેમનામાં સંસ્કારોનું સિંચન થાય તેવા શુભ આશયથી આ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. સમગ્ર શિક્ષા, ગાંધીનગર અને જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, અમદાવાદ (ગ્રામ્ય)ના સંયુક્ત ઉપક્રમે આયોજિત સેમિનારમાં અંદાજે ૧૦૦૦ જેટલા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. સેમિનાર અંતર્ગત વક્તા શ્રી દીપક તેરૈયાએ વિદ્યાર્થીઓને પરીક્ષા ખંડની વ્યવસ્થા, પૂર્વ તૈયારી, સંતુલિત આહાર, મોબાઈલનો મર્યાદિત ઉપયોગ અને આત્મવિશ્વાસ વધારવા જેવી બાબતો પર પ્રેરણાદાયક માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. તેમણે આર્થિક નબળી પરિસ્થિતિમાં પણ સફળતા મેળવનારાઓના ઉદાહરણો આપી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. રક્ષા શક્તિ યુનિવર્સિટીના કારકિર્દી માર્ગદર્શક શ્રી કૃણાલ વાગડ દ્વારા યુનિવર્સિટીના વિવિધ કોર્સ, શિષ્યવૃત્તિ અને હૉસ્ટેલ સુવિધાઓ વિશે વિગતવાર માહિતી આપવામાં આવી હતી. જિલ્લા શિક્ષણાધિકારી ડૉ. બી.એન. પ્રજાપતિએ ધોરણ-૧૦ અને ૧૨ પછીની વિવિધ તકો અને કૌશલ્યલક્ષી યુનિવર્સિટીઓ વિશે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ પ્રસંગે મેનેજિંગ ટ્રસ્ટી શ્રી ગોગનભાઈ સગર, શિક્ષણ નિરીક્ષક શ્રી કેતનભાઈ વ્યાસ, શ્રી ચારુશીલાબેન મકવાણા, આચાર્ય શ્રી સ્નેહલભાઈ વૈદ્ય તેમજ મદદનીશ શિક્ષણ નિરીક્ષકો શ્રી સંજયભાઈ નાયી, શ્રી ભાવેશભાઈ પ્રજાપતિ અને શ્રી સચિનભાઈ, જિલ્લા કો-ઓર્ડિનેટર કુંજલબેન પ્રજાપતિ અને સમગ્ર શિક્ષાની ટીમના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

ભારતીય મૂલ્યો સાથે આધુનિકતાને આલિંગવી એ જસાચો માર્ગ- સાંસદ મિતેષભાઈ પટેલ (બકાભાઈ)

અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ ગુજરાતના ૫૭મા પ્રદેશ અધિવેશનની પ્રદર્શનીનું ભવ્ય ઉદ્ઘાટન

કમલમ્, બીના પટેલ

અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ (ABVP) ગુજરાતના ૫૭મા પ્રદેશ અધિવેશનની પ્રદર્શનીનું આજે ભવ્ય ઉદ્ઘાટન કરવામાં આવ્યું, જે યુવાશક્તિ અને રાષ્ટ્રનિર્માણના સંકલ્પની ત્રણ દિવસીય ઉજવણીની શુરૂઆત દર્શાવે છે. ઉદ્ઘાટન સમારોહમાં સાંસદશ્રી મિતેષભાઈ પટેલ (બકાભાઈ)ની સાથે અ.ભા.વિ.પ. રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ ડૉ. સુરભીબેન દવે, પ્રદેશ ઉપાધ્યક્ષ ડૉ. રાજેશભાઈ ડોડીયા, પ્રદેશ સહમંત્રી હેત્વીબેન વ્યાસ, આણંદ નગર અધ્યક્ષ ડૉ. જેતલભાઈ પંચાલ અને આણંદ નગર મંત્રી બાવસંગભાઈ ભરવાડ સહિતના વિશિષ્ટ અતિથિઓ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે સંબોધન કરતા સાંસદશ્રી મિતેશભાઈ પટેલે વર્તમાન સમયમાં અ.ભા.વિ.પ.ની મહત્વની ભૂમિકા પર ભાર મૂક્યો. તેમણે જણાવ્યું કે, "આજની આધુનિક દુનિયામાં ઘણી પડકારો છે. પશ્ચિમી સંસ્કૃતિનો અંધ અનુકરણ, નૈતિક મૂલ્યોમાં ઘટાડો, વ્યક્તિવાદનો વધતો વલણ - આ બધી સમસ્યાઓ સામે આપણે સજાગ રહેવાની જરૂર છે. અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ વિદ્યાર્થીઓને આપણી ભારતીય સંસ્કૃતિ, મૂલ્યો અને પરંપરાઓ સાથે જોડી રાખે છે, અને તે જ સાથે આધુનિકતાને પણ આલિંગે છે." ૬, ૭ અને ૮ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ આયોજિત આ ત્રણ દિવસીય અધિવેશન અ.ભા.વિ.પ.ના મૂળભૂત સિદ્ધાંતો "જ્ઞાન, શીલ, એકતા"નું પ્રતિનિધિત્વ કરે છે. આ પ્રદર્શની વિદ્યાર્થી શક્તિના સંગમ અને રાષ્ટ્રનિર્માણના સંકલ્પને દર્શાવે છે. અ.ભા.વિ.પ. ગુજરાત એવા યુવા મનોને પોષવાનું કાર્ય કરી રહ્યું છે જે ભારતીય મૂલ્યોમાં રચેલા હોય અને તે જ સાથે પ્રગતિશીલ દૃષ્ટિકોણ ધરાવતા હોય, જે રાષ્ટ્રના વિકાસમાં અર્થપૂર્ણ યોગદાન આપનારી પેઢીનું નિર્માણ કરે. અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ ભારતની સૌથી મોટી વિદ્યાર્થી સંસ્થા છે, જે વિદ્યાર્થીઓમાં જ્ઞાન, શીલ અને એકતાને પ્રોત્સાહન આપતી ભારતીય સાંસ્કૃતિક મૂલ્યો અને રાષ્ટ્રહિતને પ્રાધાન્ય આપે છે.

“જન્મથી વંચિત રહેલા સ્વાદનો આનંદ સિવિલ ના ડોકટરોએ આપ્યો”

ગેસ્ટ્રિક પુલ-અપ સર્જરીથી ૫ વર્ષની દ્વિજા એ પ્રથમ વખત મોંથી ભોજન લીધું

દર વર્ષે ૧૮ હજાર નવજાત બાળકો આ પ્રકારની જન્મજાત ખામી સાથે પેદા થતા હોય છે :- ડો. રાકેશ જોષી પીડીયાટ્રીક સર્જરી વિભાગના વડા સિવિલ હોસ્પિટલ અમદાવાદ

કમલમ્,

સિવિલ હોસ્પિટલ ના પીડીયાટ્રીક સર્જરી વિભાગ ના ડોકટરો દ્વારા ખેડાની પાંચ વર્ષની દ્વિજા ઉપર અત્યંત જટીલ એવી ગેસ્ટ્રીક પુલ અપ સર્જરી સફળતાપુર્વક કરી છે. વર્ષ ૨૦૨૫ માં સિવિલ હોસ્પિટલ ના ડોકટરો દ્વારા આવી ત્રણ ગેસ્ટ્રીક સર્જરી કરી ૩ બાળકોના. જીવનમાં સ્વાદ ભરવામાં આવ્યો છે. જન્મ થી પાંચ વર્ષ સુધી ટ્યૂબ વડે બહારથી થોડા થોડા સમયે ખોરાક આપવો અને બાળક નું પોષણ ટકાવી રાખવું એ માતા પિતા માટે અગ્નિ પરીક્ષા સમાન હતું. અત્યંત જટિલ ગેસ્ટ્રિક પુલઅપ સર્જરીમાં હોજરીને ખેંચી તેમાંથી અન્નનળી બનાવવામાં આવે છે. અમદાવાદની સિવિલ હોસ્પિટલ માં અગાઉ પણ આ પ્રકારની ખામી ધરાવતા બાળકો ઉપર સફળ સર્જરી કરી તેમને મોં વાટે ફરીથી ખોરાક લેતા કર્યા છે. જન્મથી પાંચ વર્ષ સુધી ટ્યૂબ વડે બહારથી ભોજન લેવા મજબૂર દ્વિજાને પહેલી વાર મોંઢે થી ખોરાક લેતાં જોઈને તેના માતા પિતાની આંખમાં હરખનાં આંસુઓ આવી ગયા હતા તેમણે સિવિલ હોસ્પિટલના ડોક્ટરોનો હૃદય પૂર્વક આભાર માન્યો હતો. ઈસોફેજીયલ એટ્રેશિયા એ ૪૦૦૦ બાળકોમાં એકમાં જોવા મળતી દુર્લભ જન્મજાત ખામી છે. આ વિશે વધુ વિગતો આપતા સિવિલ સુપ્રિન્ટેન્ડન્ટ ડો. રાકેશ જોષી એ જણાવ્યુ હતુ કે ખેડા ના રહેવાસી અને વ્યવસાયે શિક્ષક એવા વૈભવ મહેતા અને કોકિલા બેનની ટીકરી દ્વિજાને જન્મ થી અન્નનળી બનેલી જ નહતી એટલે એ સમય તાત્કાલિક ધોરણે સિવિલ હોસ્પિટલ અમદાવાદ ખાતે આ પ્રકારના ઘણા અમદાવાદમાં જ ઓપરેશન કરી ગળા માં કાણું કર્યું જ્યાં થી લાળ બહાર આવે અને હોજરી માં ટ્યૂબ મૂકી જેથી ખાવાનું આપી શકાય શરીરમાં લોહીની ખામી, શરદી, કફ વગેરે તકલીફો ના કારણે દ્વિજાને ગેસ્ટ્રીક પુલ અપ સર્જરી કરવામાં પાંચ વર્ષ જેટલો સમય લાગ્યો હતો આખરે જન્મ ના પાંચ વર્ષ પછી માતા પિતા ની અથાક મહેનત ના પરિણામે દ્વિજા નું વજન તેમજ લોહીના ટકામાં સુધારો થતા સિવિલ હોસ્પિટલના પીડીયાટ્રીક સર્જરી વિભાગના ડોકટરો દ્વારા તેની ગેસ્ટ્રીક પુલ અપ સર્જરી કરવા નું નક્કી કરવામાં આવ્યું હતું. દ્વિજાની આ સર્જરી માટે પિતા વૈભવભાઈએ પ્રાઈવેટ હોસ્પિટલમાં તપાસ કરતા આશરે ચારથી પાંચ લાખ લાખ રૂપિયા નો ખર્ચો જણાવવા માં આવ્યો હતો પરંતુ આટલો ખર્ચો પરવડે તેમ ન હોવાથી તેમજ સિવિલ હોસ્પિટલ અમદાવાદ ખાતે આ પ્રકારના ઘણા દર્દીઓની સફળ સારવાર થઈ હોવાનું માલુમ પડતા તેઓએ દ્વિજા ની ગેસ્ટ્રીક પુલ અપ સર્જરી પણ સિવિલ હોસ્પિટલ અમદાવાદ ખાતે જ કરાવવાનું નક્કી કર્યું તા. ૧૭.૧૨.૨૫ ના રોજ ડો. રાકેશ જોશી પ્રોફેસર પીડિયાટ્રિક સર્જરી, ડોકટર જય શ્રી રામજી પ્રોફેસર પીડીયાટ્રીક સર્જરી અને ડો. સીમા પ્રોફેસર એનેસ્થેસિયા વિભાગ તથા dr. મૃણાલિની અને dr. કિંજલ ની ડોકટરોની ટીમ દ્વારા પાંચ વર્ષની દ્વિજાની સિવિલ હોસ્પિટલ, અમદાવાદ ખાતે ગેસ્ટ્રિક પુલ અપ સર્જરી સફળતાપુર્વક કરવામાં આવી.

સર્જરી બાદ પોસ્ટઓપરેટિવ પીરીયડ કોઈ પણ તકલીફ વગર નો રહેતા દ્વિજા એ પાંચ વર્ષે પહેલીવાર મોઢા દ્વારા ખાવાનું શરૂ કર્યું હતું. બાળક ની સ્થિતી સામાન્ય અને સંતોષકારક થતા હોસ્પિટલ માંથી રજા આપવામાં આવી છે તેમ ડો. જોષી એ જણાવ્યુ હતુ.

અમદાવાદ સરકારી સ્પાઇન ઇન્સ્ટિટ્યૂટના વિદ્યાર્થીઓની ઐતિહાસિક રાષ્ટ્રીય સિદ્ધિ

શિક્ષણ, સંશોધન અને રાષ્ટ્રીય પ્રતિનિધિત્વમાં રાજ્યથી રાષ્ટ્ર સુધી ગૌરવભેર છાપ

- ડો. પીયુષ મિત્તલના નેતૃત્વમાં ફિઝિયોથેરાપી કોલેજના વિદ્યાર્થીઓએ ગોલ્ડ મેડલ અને રાષ્ટ્રીય યુવા મહોત્સવમાં પ્રતિનિધિત્વ મેળવી સંસ્થાનું નામ ઉજાગર કર્યું
- ફિઝિયોથેરાપી કોલેજના વિદ્યાર્થીઓએ ગોલ્ડ મેડલ અને રાષ્ટ્રીય યુવા મહોત્સવમાં પ્રતિનિધિત્વ મેળવી સંસ્થાનું નામ ઉજાગર કર્યું

કમલમ્,

સરકારીસ્પાઈન ઈન્સ્ટિટ્યૂટ અને ફિઝિયોથેરાપી કોલેજના વિદ્યાર્થીઓએ રાજ્યથી લઈને રાષ્ટ્રીય સ્તર સુધી નોંધપાત્ર સિદ્ધિઓ હાંસલ કરી સંસ્થાનું ગૌરવ વધાર્યું છે. શિક્ષણ, સંશોધન તથા રાષ્ટ્રીય પ્રતિનિધિત્વના ક્ષેત્રોમાં વિદ્યાર્થીઓએ કરેલી આ સિદ્ધિઓ સંસ્થાની શૈક્ષણિક ગુણવત્તા અને માર્ગદર્શનની મજબૂત પરંપરાનો પુરાવો છે. ગુજરાત યુનિવર્સિટીમાં માસ્ટર ઓફ ફિઝિયોથેરાપી અભ્યાસક્રમમાં અભ્યાસ કરતી ડો. પ્રિયા કોકરિયાએ **Cardio-Respirationry Disorders** વિષયમાં ગોલ્ડ મેડલ તેમજ માસ્ટર ઓફ ફિઝિયોથેરાપીમાં ઓવરઓલ ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યો છે. તે જ રીતે, માસ્ટર ઓફ ફિઝિયોથેરાપીમાં અભ્યાસ કરતી ડો. દર્શિતા ઉવેદરીયાએ **Orthopedic Disorders** વિષયમાં ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યો છે. ફિઝિયોથેરાપી કોલેજના ફાઇનલ યર સ્નાતક અભ્યાસક્રમમાં અભ્યાસ કરતી જુદી જુદી પંચાલે સ્નાતક સ્તરે ગોલ્ડ મેડલ મેળવી કોલેજનું ગૌરવ વધાર્યું છે. આ સાથે જ, ફિઝિયોથેરાપી સ્નાતક અભ્યાસક્રમના અંતિમ વર્ષમાં અભ્યાસ કરતી વૈષ્ણવી પરીખ 'ફિટ ભારત – હિટ ભારત' થીમ પર યોજાનારા 'વિકસિત ભારત યુવા નેતાઓ સંવાદ – રાષ્ટ્રીય યુવા મહોત્સવ ૨૦૨૬'માં ગુજરાત રાજ્યનું પ્રતિનિધિત્વ કરવા જઈ રહી છે. આ કાર્યક્રમનું આયોજન યુવા અને રમતગમત મંત્રાલય, ભારત સરકાર દ્વારા કરવામાં આવ્યું છે અને તેમાં વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની ગરિમામય ઉપસ્થિતિ વિશેષ ગૌરવપૂર્ણ બની રહેશે. સરકારી સ્પાઈન ઈન્સ્ટિટ્યૂટ ના નિયામકશ્રી ડો. પીયુષ મિત્તલના અસરકારક નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ સંસ્થામાં શિક્ષણ, સંશોધન અને વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ પર વિશેષ ભાર મૂકવામાં આવી રહ્યો છે, જેનાથી વિદ્યાર્થીઓમાં શૈક્ષણિક ઉત્સાહ સાથે રાષ્ટ્રીય સ્તરે પ્રતિનિધિત્વ કરવાની ક્ષમતા વિકસી છે. તેના પરિણામે સંસ્થાના વિદ્યાર્થીઓ રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરે સતત ઉત્તમ પ્રદર્શન કરીરહ્યા છે. સરકારી સ્પાઇન ઈન્સ્ટિટ્યૂટ અને ફિઝિયોથેરાપી કોલેજ આ તમામ સિદ્ધિઓ બદલ વિદ્યાર્થીઓ તથા માર્ગદર્શક પ્રાધ્યાપકોના યોગદાનને હૃદયપૂર્વક સરાહના કરે છે અને ભવિષ્ય માં વધુ ઉજ્જવળ સિદ્ધિઓ માટે શુભેચ્છાઓ પાઠવે છે.

ઉત્તરાયણ દરમ્યાન ઘાયલ થતાં પક્ષીઓને રેસ્કયુ કરીને સારવાર કરવા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું

કમલમ્,

કરુણા અભિયાન-૨૬ અંતર્ગત પાંચમી જાન્યુઆરીના રોજ શ્રી નિષ્કલંકી નારાયણ સત્સંગ હોલ, અમદાવાદ ખાતે સામાજિક વનીકરણ વિભાગ, અમદાવાદ, સ્વંય સેવી સંસ્થાઓ તથા પશુપાલન વિભાગના ડોકટરો દ્વારા એક દિવસીય વર્ક શોપ યોજવા માં હતો. ગુજરાત રાજ્યના ચીફ વાઈલ્ડ લાઈફ વોર્ડન ડો. જયપાલ સિંહ તથા મુખ્ય વન સંરક્ષકશ્રી, અમદાવાદ ડો. કે.રમેશના માર્ગદર્શન હેઠળ એક દિવસીય વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યશાળામાં ઉત્તરાયણ દરમ્યાન ઘાયલ થતાં પક્ષીઓને કેવી રીતે રેસ્કયુ કરી પ્રાથમિક સારવાર સુધી પહોંચાડવા, એને લગતી માહિતી વકતવ્ય અને વિડિયો દ્વારા આપવામાં આવી. સ્વયંસેવકોને રેસ્કયુ વખતે સાથે રાખવી પડતી જરૂરી પ્રાથમિક વસ્તુઓની યાદી અંગે માહિતગાર કરવામાં આવ્યા. ડો. શશીકાંત જાદવ દ્વારા ઘાયલ પક્ષીઓની સારવાર દરમ્યાન શું કરવું/ન કરવું બાબતે પણ ઉત્તમ માર્ગદર્શન આપવામાં આવ્યું. દોરીમાં ફસાયેલાં પક્ષીઓને કેવી રીતે સુરક્ષિત રાખવા અને પક્ષીઓને ઈજા થયેલ હોય ત્યારે કેવી રીતે સાવચેતી સાથે રેસ્કયુ કરવા, એ બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યું. જોખમવાળી જગ્યાઓ જેવી કે વીજ પોના તાર, ઊંચાઈવાળી જગ્યાઓએ જાતે રેસ્કયુ ન કરતા હેલ્પલાઈન નંબર (૯૦૦૦૦૯૮૪૫/૪૬) ઉપર ફોન કરવા તાકીદ કરવામાં આવી. વધુમાં ડો. વિપુલ કાવચીયા (વીએ, લાંભા) પશુપાલન વિભાગ, દ્વારા બર્ડ ફ્લુ બાબતે પણ જાણકારી આપવામાં આવી હતી.

સાબરમતી છઠ્ઠ ઘાટ ખાતે શહેરી વિકાસ મંત્રી શ્રીમતી દર્શનાબેન વાઘેલાની ઉપસ્થિતિમાં સિંધી સાંસ્કૃતિક ઉત્સવની ભવ્ય ઉજવણી

સિંધી ભાષા, સાહિત્ય, સંગીત, વાનગીઓ અને વેશભૂષાની પંચામૃત થીમ પર રંગારંગ કાર્યક્રમની ઉજવણી

સિંધી સાંસ્કૃતિક ઉત્સવ ૪૦થી વધુ ફૂડ સ્ટોલ સાથે સ્વાદિષ્ટ સિંધી વાનગીઓનો સંગમઃ રાજ્ય મંત્રી શ્રીમતી દર્શનાબેન વાઘેલા

કમલમ્,

અમદાવાદના સાબરમતી છઠ્ઠ ઘાટ ખાતે આયોજિત 'સિંધી સાંસ્કૃતિક ઉત્સવ' ની શહેરી વિકાસ રાજ્ય મંત્રી શ્રીમતી દર્શનાબેન વાઘેલા ઉપસ્થિતિમાં ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમનું આયોજન સિંધી ભાષા, સિંધી સાહિત્ય, સિંધી સંગીત, સિંધી વાનગીઓ અને સિંધી વેશભૂષા - એમ સિંધી પરંપરાની પંચામૃત થીમ પર કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમોની મનોહર રજૂઆત કરવામાં આવી હતી. આ પ્રસંગે શહેરી વિકાસ રાજ્ય મંત્રી શ્રીમતી દર્શનાબેન વાઘેલાએ પ્રાસંગિક ઉદ્બોધન કરતા જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર દ્વારા દર વર્ષે જાન્યુઆરી માસના પ્રથમ રવિવારે સિંધી સાંસ્કૃતિક ઉત્સવની ઉજવણી કરવામાં આવે છે. આ ઉત્સવ એક પારંપરિક તથા સાંસ્કૃતિક મહત્વ ધરાવતો ઉત્સવ છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ તમામ ભાષાઓ અને સંસ્કૃતિઓને જીવંત રાખવાના ઉદેશ સાથે આવાં કાર્યક્રમો આયોજિત કરવામાં આવે છે, જેથી લોકો વિવિધ સંસ્કૃતિઓ અને ભાષાઓને નજીકથી ઓળખી શકે. રાજ્ય મંત્રીશ્રીએ જણાવ્યું કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તથા નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીના સક્ષમ નેતૃત્વ હેઠળ અને ધારાસભ્ય શ્રીમતી પાયલબેન કુકરાણીના સક્રિય પ્રયાસોથી આ ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. સિંધી સમાજ ગુજરાતમાં વેપાર-ઉદ્યોગ ક્ષેત્રે મહત્વપૂર્ણ યોગદાન આપી રહ્યો છે. દૂધમાં જેમ સાકર ભળી જાય તેમ સિંધી સમાજ ગુજરાતમાં સહજ રીતે ભળી જઈ રાજ્યના આર્થિક વિકાસમાં નોંધપાત્ર યોગદાન આપી રહ્યો છે તેમ તેમણે જણાવ્યું હતું. મંત્રીશ્રીએ વધુમાં ઉમેર્યું હતું કે, ગત વર્ષે પચાસ હજારથી વધુ લોકોએ સિંધી સાંસ્કૃતિક ઉત્સવની મુલાકાત લીધી હતી.

આ વર્ષે સાબરમતી છઠ્ઠ ઘાટ ખાતે ૪૦થી વધુ ફૂડ સ્ટોલ ઉભા કરવામાં આવ્યા છે, જેમાં વિવિધ સ્વાદિષ્ટ સિંધી વાનગીઓનો સમાવેશ કરાયો છે, જે ઉત્સવને વધુ આકર્ષક બનાવે છે.આ પ્રસંગે ધારાસભ્ય સુશ્રી પાયલબેન કુકરાણીએ સિંધી સમાજ વતી મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીનો આભાર વ્યક્ત કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, સિંધી ભાષા અને સંસ્કૃતિના સંવર્ધન માટે રાજ્ય સરકાર સતત કાર્યરત છે. કાર્યક્રમમાં અમદાવાદ પૂર્વના સાંસદ શ્રી હસમુખભાઈ પટેલ, શહેર ભાજપા પ્રમુખ શ્રી પ્રેરકભાઈ શાહ, વિસ્તારના ધારાસભ્ય શ્રીઓ, મહામંત્રીઓ, ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ શ્રી ભાગ્યેશભાઈ ઝા, શ્રી જયેન્દ્રભાઈ જાદવ તેમજ ગુજરાત સાહિત્ય અકાદમીના પદાધિકારીઓ અને મોટી સંખ્યા માં સિંધી સમાજના નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

નૂતન આયુર્વેદિક કોલેજ એન્ડ રિસર્ચ સેન્ટર ખાતે પાંચભૌતિક ચિકિત્સા કલ્પ નિર્માણ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું.

કમલમ્,

સાકળચંદ પટેલ યુનિવર્સિટી સંચાલિત નૂતન આયુર્વેદ કોલેજ એન્ડ રિસર્ચ સેન્ટર અને આયુર્વેદ અનુષ્ઠાન સંયુક્ત રીતે તારીખ ૨ થી ૪ જાન્યુઆરી ૨૦૨૬ દરમિયાન રાષ્ટ્ર સ્તરીય પાંચભૌતિક ચિકિત્સા માટે ઉપયોગી કલ્પના, દવાઓ અને પ્રાયોગિક પ્રેક્ટીકલ વર્કશોપ રાખવામાં આવ્યો હતો. જેમાં ગુજરાત, મહારાષ્ટ્ર, તેલંગાણા, રાજસ્થાન, ઉત્તર પ્રદેશ જેવા રાજ્યોમાંથી ૪૫ જેટલા પ્રતિનિધિઓએ સહભાગી બન્યા હતા. મુખ્ય વક્તા અને માર્ગદર્શક વૈદ્ય શ્રેયાંશ પાચોરે સાહેબ અને વૈદ્ય નામદેવ સાહેબ દ્વારા આયુર્વેદ શાસ્ત્રના સિદ્ધાંતો અને પાંચભૌતિક ચિકિત્સા પદ્ધતિ ના સિદ્ધાંતો ના વિગતવાર વ્યાખ્યાનો અને ચિકિત્સા માટે ઉપયોગી કલ્પો, દવાઓ કેવી રીતે બનાવવી તેના પ્રાયોગિક સત્ર નું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સાંકળચંદ પટેલ યુનિવર્સિટી,વિસનગરના કર્મઠ પ્રેસિડેન્ટ શ્રી પ્રકાશભાઈ પટેલ નું માર્ગદર્શન સતત મળતું રહ્યું સાથે જ પ્રોવોસ્ટ શ્રી ડો.પી. એમ. ઉદાણી સાહેબ, રજીસ્ટ્રાર શ્રી ડો.પરિમલ ત્રિવેદી સાહેબ , ડાયરેક્ટર ઓફ હેલ્થ સાયન્સશ્રી ડો જે.આર.પટેલ સાહેબ, ડેપ્યુટી ડાયરેક્ટર ઓફ હેલ્થ સાયન્સ ડો મુરલીધરન સાહેબ તેમ જ કોલેજના સરળ, સહજ અને મર્મજ્ઞ પ્રિન્સિપાલ ડો. સ્મિતા મેડમ, સહયોગી પ્રાધ્યાપક ડો. અવિનાશ વાડે , હોસ્પિટલ ના મેડિકલ સુપ્રીન્ટેન્ડન્ટ શ્રી ડો. મનોહર કેદાર ગોળ, ડેપ્યુટી મેડિકલ સુપ્રીન્ટેન્ડન્ટ ડો. મમતા સારડા અને આયુર્વેદ અનુષ્ઠાનમના કો-ફાઉન્ડર શાસ્ત્રી મૌલિક ભટ્ટ અને ટીમ, આ સૌ લોકોની ગરીમામય ઉપસ્થિતિમાં તથા સહકાર અને માર્ગદર્શનમાં આ કાર્યક્રમ સફળતાપૂર્વક પૂર્ણ થયો હતો.

ફ્યુઅલ ટ્રાન્સફર મશિન, સ્પેન્ટ ફ્યુઅલ ટ્રાન્સપોર્ટેશન કન્ટેનર, સ્ટોરેજ રેક એક સ્થળે બનતું હોય એવી વિશ્વની સૌથી પ્રથમ ઘટના





કમલમ્,

પરમાણુ ઊર્જા ઉત્પાદનમાં વપરાતા મહત્વના સાધનો બનાવવામાં વડોદરાના એક એમએસએમઈ દ્વારા સફળતા હાંસલ કરવામાં આવી છે. પરમાણું ઊર્જાના ઉત્પાદન બાદ તેમાંથી નીકળેલા રોડ્સને સુરક્ષિત રીતે સંગ્રહિત કરવા માટે વપરાતા સાધનોનું નિર્માણ હવે સ્થાનિક કક્ષાએ જ કરવામાં આવતા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના મેક ઈન ઈન્ડિયાના સંકલ્પને પ્રોત્સાહન મળ્યું છે. અત્યાર સુધી આ સાધનો ફ્યુઅલ ટ્રાન્સફર મશિન, સ્પેન્ટ ફ્યુઅલ ટ્રાન્સપોર્ટેશન કન્ટેનર, સ્ટોરેજ રેક વિદેશમાંથી આયાત કરવા પડતા હતા. પણ હવે આ સાધનો વડોદરામાં બનશે. આ ત્રણેય સાધનો એક જ સ્થળે બનતા હોય તેવું આ વિશ્વનું પ્રથમ એકમ છે. આ ત્રણ સાધનોનું શું મહત્વ છે ? એ જાણવું જરૂરી છે પણ એ પૂર્વે પરમાણુ ઊર્જા ઉત્પાદન કેન્દ્ર કેવી રીતે કામ કરે છે ? એ જોઈએ. ન્યુક્લિયર પાવર પ્લાન્ટમાં અતિ ગરમ પાણીની વરાળથી ટર્બાઈન ફેરવવામાં આવે છે અને તેનાથી વીજળી ઉત્પન્ન થાય છે. પાણીને ગરમ કરવા માટે ન્યુક્લિયર ફિશનનો ઉપયોગ કરવામાં આવે છે. આ માટે યુ-૨૩૫ પ્રકારના યુરેનિયમ વાપરવામાં આવે છે અને ફ્યુઅલ રોડ્સ મારફત આ પાણી ગરમ થાય છે. ફ્યુઅલ રોડ્સમાં યુરેનિયમના રહેલા ન્યુટ્રોન પસાર કરવામાં આવે છે. પ્રેશરાઈઝ્ડ હેવી વોટર રિએક્ટર અને લાઈટ વોટર રિએક્ટર એમ મુખ્યત્વે બે પ્રકારના પરમાણુ ઊર્જા ઉત્પાદન કેન્દ્ર હોય છે. તેના આધારે ફ્યુઅલ રોડ્સ કે તેના બન્ડલનો ઉપયોગ કરવામાં આવે છે. તેની લાઈફ સાથ કલ પણ અલગ અલગ હોય છે. તે પૂર્ણ થયા બાદ સામાન્ય રીતે બદલવામાં આવે છે. જૂના રોડ્સમાં પણ બહુ જ વિકરણો અને હિટ હોય છે.એથી રિએક્ટરમાંથી કાઢ્યા બાદ તેને પ્લાન્ટ અંદર જ પાણીમાં રાખવામાં આવે છે. સામાન્ય રીતે વપરાયેલા રોડ્સ છસાત વર્ષ સુધી પ્લાન્ટ અંદર સુરક્ષિત રાખવામાં આવે છે. બાદમાં તેને પ્લાન્ટ બહાર ખસેડવા પડે છે. અવે કોમ રિએક્ટર સેન્ટર ઉપર આ જૂના રોડ્સને સુરક્ષિત રીતે સંગ્રહ વામાં આવે છે. ૪૨ મિટર લંબાઈના ફ્યુઅલ પોન્ડ આ રોડ્સ સુરક્ષિત રીતે રાખવામાં આવે છે. જ્યાં તેમાં વિકિરણો અને હિટનું પ્રમાણ નિયત માપદંડો મુજબ થઈ પછી નિકાલ કરવામાં આવે છે. ચેર્નોબલ નામક વેબસિરીઝ જોઈ હોય તો તમને કદાચ ખ્યાલ આવશે કે આ રોડ્સ બહુ જ ખતરનાક હોય છે. એથી એના પરિવહન માટે વિશેષ તકેદારી રાખવી પડે છે. આ માટે ભારતમાં આયાત કરાયેલા ઓટોમેટેડ મશિનોનો ઉપયોગ કરવામાં આવતો હતો. આ ઉપરાંત તેને સંગ્રહિત કરવાના કન્ટેનર અને રેક્સ પણ આયાત કરવા પડતા હતા. પણ, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા શરૂ કરવામાં આવેલા મેક ઈન ઈન્ડિયા અને સ્વદેશી અભિયાનને પ્રતિભાવ આપતા વડોદરાની વિવિધ હાઈફેબ નામક એક એમએસએમઈ દ્વારા ત્રણ વર્ષના સંશોધન બાદ સ્થાનિક કક્ષાએ બનાવવાનું શરૂ કર્યું છે. ન્યુક્લિયર પાવર કોર્પોરેશન દ્વારા ઉક્ત સાધનો બનાવવાનું કહેવામાં આવતા આ એકમ દ્વારા તેની કામગીરી શરૂ કરવામાં આવી છે. એકમ દ્વારા દ્વારા હાલમાંસ્પેન્ટ ફ્યુઅલ સ્ટોરેજ રેક્સ (એસએફએસઆર) નિર્માણ કરવામાં આવ્યું છે.

ન્યુટ્રોન એમિશનને રોકી શકે એવા બોરોટેડ સ્ટેનલેસ સ્ટીલ દ્વારા આ રેક્સ બનાવવામાં આવ્યા છે. કેન્દ્ર સરકારની વિવિધ એજન્સીના તબક્કાવાર પરીક્ષણ દરમિયાન આ રેક્સ ખરા ઉતર્યા છે અને તેને કાલે કુડાનકુલન ન્યુક્લિયર પાવર પ્લાન્ટને મોકલવામાં આવશે. બાકીના ફ્યુઅલ ટ્રાન્સ્ફર મશીન પણ આગામી દિવસોમાં બની જતા તેને પણ મોકલવામાં આવશે. વડોદરાના ઔદ્યોગિક એકમો માટે આ ગૌરવપ્રદ બાબત છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના સ્વદેશી, આત્મનિર્ભર ભારત અભિયાનને પ્રોત્સાહન આપતા આ એકમ તેના ત્રણ વર્ષના સઘન સંશોધન માટે અભિનંદનને પાત્ર છે.

જલ શક્તિ મંત્રી શ્રી સી.આર. પાટીલે ETFની ૧૭મી બેઠકની અધ્યક્ષતા કરી

કમલમ્,

ટેકનોલૉજી આધારિત નદી કાયાકલ્પને વધુ વેગ આપતા, કેન્દ્રીય જલ શક્તિ મંત્રી શ્રી સી.આર. પાટીલના અધ્યક્ષ સ્થાને સશક્ત કાર્ય દળ (ઈએટીએફ)ની ૧૭મી બેઠક આજે યોજાઈ હતી. નમામિ ગંગે કાર્યક્રમ હેઠળ ડેટા આધારિત નિર્ણય નિર્માણ, નિરીક્ષણ પદ્ધતિઓ અને પાલન માળખાંને મજબૂત કરવા પર આ બેઠકમાં ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું, જેમાં ડ્રેનેજ મેપિંગ અને ગંદાપાણી શુદ્ધિકરણ માળખાકીય સુવિધાઓની વધેલી દેખરેખ પર ખાસ ભાર મૂકવામાં આવ્યો હતો. આ બેઠકમાં વિવિધ મંત્રાલયો અને રાજ્ય સરકારોના મુખ્ય હિતધારકોને એકઠા થયા હતા, જેમાં જલ શક્તિ રાજ્ય મંત્રી રાજભૂષણ ચૌધરી; જળ સંસાધન વિભાગના સચિવ શ્રી વી.એલ. કાંથા રાવ; પીવાના પાણી અને સ્વચ્છતા વિભાગના સચિવ શ્રી અશોક કે.કે. મીણા; રાષ્ટ્રીય સ્વચ્છ ગંગા મિશન (NMCG) ના મહાનિર્દેશક શ્રી રાજીવ કુમાર મિતલ; JS&FA ના જલ સંસાધન વિભાગ શ્રી ગૌરવ મસલદાન; શ્રી નલિન શ્રીવાસ્તવ (ડેપ્યુટી ડાયરેક્ટર જનરલ, NMCG); શ્રી બ્રિજેન્દ્ર સ્વરૂપ, એક્ઝિક્યુટિવ ડિરેક્ટર (પ્રોજેક્ટ્સ), શ્રી અનુપ કુમાર શ્રીવાસ્તવ (એક્ઝિક્યુટિવ ડિરેક્ટર, ટેકનિકલ); શ્રી એસ.પી. વશિષ્ઠ (એક્ઝિક્યુટિવ ડિરેક્ટર, એડમિન); શ્રી ભાસ્કર દાસગુપ્તા (એક્ઝિક્યુટિવ ડિરેક્ટર, ફાઈનાન્સ); શ્રી અનુરાગ શ્રીવાસ્તવ, ઉત્તર પ્રદેશના છઝ્જી; શ્રી જોગીન્દર સિંઘ પ્રોજેક્ટ ડિરેક્ટર (UP), શ્રી સંદીપ અગ્ર સચિવ શહેરી વિકાસ (બિહાર), શ્રીમતી નંદિની ઘોષ (પ્રોજેક્ટ ડિરેક્ટર, પશ્ચિમ બંગાળ SPMG); શ્રી. સૂરજ પ્રોજેક્ટ ડિરેક્ટર (ઝારખંડ); દ્રસ્ઝ્ર અને ભાગ લેનારા રાજ્યોના વરિષ્ઠ અધિકારીઓ સાથે આ બેઠકમાં ભારત સરકારના ઉર્જા મંત્રાલય, ગૃહ મંત્રાલય, ગૃહ મંત્રાલયના પ્રતિનિધિઓએ હાજરી આપી હતી. પ્રગતિ પર સંતોષ વ્યક્ત કરતાં, મંત્રીશ્રીએ ચાલુ કેલેન્ડર વર્ષ દરમિયાન પ્રદૂષણ નિયંત્રણના ૧૫ માળખાગત પ્રોજેક્ટ્સ પૂર્ણ થયાની પ્રશંસા કરી, તેને ગંગા પુનરુત્થાનના ચાલી રહેલા પ્રયાસોમાં એક મહત્વપૂર્ણ સિદ્ધિ ગણાવી. તેમણે ધ્યાન દોર્યું કે

આ પ્રોજેક્ટ્સની સમાપ્તિ મજબૂત સંકલન, અસરકારક દેખરેખ અને કેન્દ્રિત અમલીકરણનું પરિણામ છે, જે નદીઓના લાંબાગાળાના કાયાકલ્પ માટે મજબૂત પાયો નાખે છે. છ પ્રોજેક્ટ પૂર્ણ કરીને ઉત્તર પ્રદેશે રાજ્યોમાં મોખરાનું સ્થાન મેળવ્યું હતું. ત્યારબાદ બિહાર ચાર પ્રોજેક્ટ સાથે અને પશ્ચિમ બંગાળ ત્રણ પ્રોજેક્ટ સાથે અનુક્રમે બીજા અને ત્રીજા સ્થાને રહ્યા હતા. ઉત્તરાખંડ અને દિલ્હી બંનેએ એક-એક પ્રોજેક્ટ પૂર્ણ કર્યો. બેઠકે શુદ્ધ કરેલા પાણીનો પુનઃઉપયોગ, પેલો-ચેનલો પર ધ્યાન કેન્દ્રિત કરીને જળસ્તર નકશાંકન જેવી નવીન અને સંશોધન આધારિત પદ્ધતિઓ અપનાવવાતેમજબાયોરીમેડિએશન, કચરાના પાણીના નવીન શુદ્ધિકરણ પ્રોજેક્ટ્સ, સી.ઈ.ટી.પી. અને અન્ય સંબંધિત પહેલોના મહત્વ પર ભાર મૂક્યો હતો. નદી વ્યવસ્થાપન માટે ટકાઉ અને સ્થિતિસ્થાપક માળખું ઊભું કરવા આ હસ્તક્ષેપો આવશ્યક હોવાનું બેઠકે નોંધ્યું હતું. મંત્રીએ શુદ્ધિકરણ કરાયેલા પાણીના સલામત પુનઃઉપયોગ માટે રાષ્ટ્રીય માળખાને અનુરૂપ નીતિ તાત્કાલિક પૂર્ણ કરવા તમામ રાજ્યોને નિર્દેશ આપ્યો. નીતિ જોગવાઈઓની સૂચના દ્વારા સ્પષ્ટ નિર્ધારિત લક્ષ્યો અને અનુકૂળ વાતાવરણ ધરાવતા રાજ્યોમાં પુનઃઉપયોગને પ્રોત્સાહન આપવા માટે એક પહેલ કરવામાં આવી હતી. મંત્રીએ "ઉત્તર પ્રદેશ રાજ્ય માટે ગંગા નદીના ડ્રેનેજ સિસ્ટમ (કુદરતી અને માનવસર્જિત) ના ડ્રેનેજ મેપિંગ માટે એરિયલ સર્વેક્ષણ, એનાલિટિકલ મોડ્યુલ સાથે જીઆઈએસ-આધારિત વિઝ્યુલાઈઝેશન ડેશબોર્ડનો વિકાસ અને જિયોટેગ્ડ વીડિયોગ્રાફી" પ્રોજેક્ટના અમલીકરણની સ્થિતિની સમીક્ષા કરી. તેમણે નોંધ્યું કે આ પહેલ નમામિ ગંગે કાર્યક્રમ હેઠળ સંશોધન-આધારિત અને પુરાવા-આધારિત આયોજનને સમર્થન આપવા માટે અદ્યતન ભૌગોલિક અવકાશી તકનીકોનો લાભ લે છે. મંત્રીશ્રીને જણાવવામાં આવ્યું હતું કે ઉત્તર પ્રદેશમાં ગંગા નદીના મુખ્ય પ્રવાહ પર હાઈ-રિઝોલ્યુશન એરિયલ સર્વે પૂર્ણ થઈ ગયા છે, જે ચોકસાઈવાળા જિયોસ્પેશિયલ ડેટાસેટ્સ જનરેટ કરી રહ્યા છે, અને આ ડેટાસેટ્સને 2D અને 3D વિઝ્યુલાઈઝેશન ક્ષમતાઓ ધરાવતા લાઈવ જીઆઈએસ-આધારિત ડ્રેઈન ડેશબોર્ડમાં સંકલિત કરવામાં આવી રહ્યા છે. આ ડેશબોર્ડ બેસિન-સ્તરના પ્રદૂષણ મોનિટરિંગ, હોટસ્પોટ્સની ઓળખ અને ડ્રેઈન (નાળા) ના ઉપચારના પગલાંની પ્રાથમિકતા નક્કી કરવામાં સક્ષમ બનાવે છે. આ પોતાની રીતે પ્રથમ પ્રકારની પહેલ છે જ્યાં LiDAR-આધારિત વૈજ્ઞાનિક ડેટાને ડ્રોન સર્વેક્ષણ દ્વારા જનરેટ કરાયેલ વિઝ્યુઅલ ડેટા સાથે જોડવામાં આવ્યો છે. મંત્રીએ લક્ષિત હસ્તક્ષેપ અને મજબૂત ડ્રેઈન-આધારિત પ્રદૂષણ વ્યવસ્થાપન સુનિશ્ચિત કરવા માટે જિલ્લા ગંગા સમિતિઓ દ્વારા સમયસર ફિલ્ડ-લેવલ વેરિફિકેશન (સ્થળ પર ચકાસણી), રાજ્યો અને વિભાગો વચ્ચે અસરકારક સંકલન અને સહભાગિતાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. આ પહેલ ખાસ કરીને પ્રાથમિક, દ્વિતીય અને તૃતીય કક્ષાના નાળાઓ તથા તે જે પ્રદૂષણનો ભાર વહન કરી રહ્યા છે તેની ઓળખ સાથે વ્યાપક અને સચોટ DPR તૈયાર કરવામાં મદદ

કરશે. એમ્પાવર્ડ ટાસ્ક ફોર્સે નેશનલ મિશન ફોર ક્લીન ગંગાના વાર્ષિક હિસાબોને પણ મંજૂરી આપી હતી અને સંસ્થા દ્વારા પાળવામાં આવેલી નાણાકીય શિસ્ત અંગે સંતોષ વ્યક્ત કર્યો હતો. બાકી રહેલા યુટિલાઈઝેશન સર્ટિફિકેટ્સ (વપરાશ પ્રમાણપત્રો) માં થયેલા ઘટાડાની જલ શક્તિ મંત્રી દ્વારા પ્રશંસા કરવામાં આવી હતી. સીવેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ્સ (STPs) ના મોનિટરિંગ અને પાલનના

રાષ્ટ્રીય સ્વચ્છ ગંગા મિશન (દ્રસ્ઝ્ર)ની ગંગા કાયાકલ્પ માટેની નવીન ટેકનોલોજી આધારિત પહેલઃ સંકલિત અને સર્વગ્રાહી ગટર મોનિટરિંગ ડેશબોર્ડ અને સ્માર્ટ સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ (એસટીપી) નિરીક્ષણ તંત્ર

માળખાને વધુ મજબૂત કરવા માટે, નેશનલ મિશન ફોર ક્લીન ગંગા (NMCG) દ્વારા CCTV-આધારિત રીઅલ-ટાઈમ મોનિટરિંગ દાખલ કરવામાં આવી રહ્યું છે, જે AI-સક્ષમ ફીચર એક્સટ્રેક્શન સિસ્ટમ અને સેન્ટ્રલાઈઝ્ડ ડેશબોર્ડ સાથે સંકલિત છે. જોકે STPsનું ઓનલાઈન કન્ટિન્યુઅસ એફ્લુઅન્ટ મોનિટરિંગસિસ્ટમ્સ(OCEMS) દ્વારા પહેલેથી જ વ્યાપકપણે નિરીક્ષણ કરવામાં આવી રહ્યું છે- જે BOD, COD, DO, pH અને TSS જેવા પાણીની ગુણવત્તાના મુખ્ય માપદંડોને ટ્રેક કરે છે અને જાહેર 'ગંગા પલ્સ' ડેશબોર્ડ સાથે જોડાયેલ છે — છતાં આ પહેલ STPs ના અસરકારક સંચાલન સંબંધિત ચિંતાઓને દૂર કરવા માટે ભૌતિક અને વિઝ્યુઅલ મોનિટરિંગનું એક મહત્વપૂર્ણ સ્તર ઉમેરે છે. મંત્રીએ ૨૫મી સપ્ટેમ્બરના રોજ સ્વચ્છતા હી સેવા ૨૦૨૫ હેઠળ "એક દિન, એક ઘંટા, એક સાથ" સ્વચ્છતા અભિયાનના દેશવ્યાપી લોન્ચિંગ પછી દ્રસ્ઝ્ર દ્વારા દર અઠવાડિયે હાથ ધરવામાં આવતી નિયમિત સ્વચ્છતા ઝુંબેશ અંગે સંતોષ વ્યક્ત કર્યો હતો. તેમણે ગંગા પલ્સ પોર્ટલ દ્વારા STP (સીવેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ) ના પર્ફોર્મન્સના જાહેર પ્રદર્શન અંગે પણ સંતોષ વ્યક્ત કર્યો હતો. મંત્રીને નદી પ્રત્યે સંવેદનશીલ શહેરી વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરતી 'રિવર સિટી એલાયન્સ' (RCA) હેઠળની પ્રવૃત્તિઓથી માહિતગાર કરવામાં આવ્યા હતા. NMCG, RCA અને UN હેબિટેટ એકસાથે આવ્યા અને ભારતીય શહેરોને પૂરનો સામનો કરવા, કુદરત-આધારિત ઉકેલો અપનાવવા અને જળવાયુ માટે તૈયાર (ક્લાયમેટ રેડી) ભવિષ્ય બનાવવા માટે મદદ કરવામાટે એક વર્કશોપનું આયોજન કર્યું હતું. બેઠકનું સમાપન કરતા, મંત્રીએ તમામ હિસ્સેદારોના સામૂહિક પ્રયાસોની પ્રશંસા કરી અને આશા વ્યક્ત કરી કે આવા સંકલિત અને ટેકનોલોજી-સંચાલિત પ્રયાસોભવિષ્યમાંગંગાપુનઃજીવનના કાર્યને મજબૂત કરવાનું ચાલુ રાખશે.

શ્રી ધર્મેન્દ્ર પ્રધાને "ખુતબાત-એ-મોદી: લાલ કિલા કી ફસીલ સે" પુસ્તકનું વિમોચન કર્યું, જે પ્રધાનમંત્રીના સ્વતંત્રતા દિવસના ભાષણોનું ઉર્દૂ સંકલન છે

કમલમ્,

કેન્દ્રીય શિક્ષણ મંત્રી શ્રી ધર્મેન્દ્ર પ્રધાને આજે નવી દિલ્હીમાં "ખુતબાત-એ-મોદી: લાલ કિલા કી ફસીલ સે" પુસ્તકનું વિમોચન કર્યું હતું. આ પુસ્તક પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી દ્વારા ૨૦૧૪ થી ૨૦૨૫ દરમિયાન લાલ કિલ્લા પરથી આપવામાં આવેલા સ્વતંત્રતા દિવસના સંબોધનોનું સંકલન છે. ઉર્દૂમાં પ્રકાશિત આ પુસ્તક નેશનલ કાઉન્સિલ ફોર પ્રમોશન ઓફ ઉર્દૂ લેંગ્વેજ (NCPUL), નવી દિલ્હી દ્વારા બહાર પાડવામાં આવ્યું છે, જે શિક્ષણ મંત્રાલય હેઠળની એક રાષ્ટ્રીય સંસ્થા છે જેને દેશભરમાં ઉર્દૂ ભાષાના પ્રચાર, સંરક્ષણ અને પ્રસાર માટેની જવાબદારી સોંપવામાં આવી છે. સભાને સંબોધતા શ્રી પ્રધાને ઉર્દૂમાં "ખુતબાત-એ-મોદી" ના પ્રકાશન પર ખુશી વ્યક્ત કરી હતી અને તેને ભાષાકીય સમાવેશ તરફનું એક સાર્થક પગલું ગણાવ્યું હતું. મંત્રીએ કહ્યું કે પ્રધાનમંત્રીના સંબોધનોમાં અંત્યોદય (છેવાડાના વ્યક્તિનો ઉત્કર્ષ), ગરીબોનું કલ્યાણ, સ્વચ્છ ભારત, રાષ્ટ્રીય એકતા અને ૧૪૦ કરોડ ભારતીયોની આકાંક્ષાઓ જેવી પહેલો પર ભાર મૂકવામાં આવ્યો છે, જે નવા ભારતની વિઝનને પ્રતિબિંબિત કરે છે. મંત્રીએ નોંધ્યું હતું કે આવા પ્રકાશનો નાગરિકોને પ્રધાનમંત્રીના વિચારો, વિકાસલક્ષી પ્રાથમિકતાઓ અને વિઝન સાથે સીધા જોડવા માટે એક શક્તિશાળી માધ્યમ તરીકે કામ કરે છે, જે વ્યાપક જાહેર જોડાણ અને માહિતગાર ચર્ચાઓને સક્ષમ બનાવે છે. તેમણે આશા વ્યક્ત કરી હતી કે આપુસ્તક દેશભરના પુસ્તકાલયોમાં સ્થાન મેળવશે, જે વિદ્યાર્થીઓ, વિદ્વાનો અને વાચકોને 'વિકસિત ભારત' ના વિઝન પર વ્યાપક સંવાદમાં જોડાવા માટે પ્રોત્સાહિત કરશે. મંત્રીએ વધુમાં ભાર મૂક્યો હતો કે NCPULએ ભારતની વિરાસત, સંસ્કૃતિ, જીવનશૈલી અને જ્ઞાન પરંપરાઓ સાથે સંબંધિત કૃતિઓને ઉર્દૂમાં પ્રકાશિત કરવાની જવાબદારી સક્રિયપણે ઉપાડવી જોઈએ. શ્રી પ્રધાને આ પ્રશંસનીય પહેલ બદલ NCPUL ને અભિનંદન આપ્યા હતા અને ભવિષ્યનાપ્રયાસો માટે શુભેચ્છાઓ પાઠવી હતી. "ખુતબાત-એ-મોદી" નવા ભારતની પરિવર્તનકારી સફરને ujaAu અને દેશભરના ઉર્દૂ વાચકો માટે મુખ્ય રાષ્ટ્રીય સંબોધનોસુલભ બનાવીનેભાષાકીય સર્વસમાવેશકતા પ્રત્યે સરકારની પ્રતિબદ્ધતાને પુનઃપુષ્ટ કરે છે. આ કાર્યક્રમમાં ડૉ. વિનીત જોશી, સચિવ (ઉચ્ચ શિક્ષણ), શિક્ષણ મંત્રાલય; પદ્મશ્રી ચામુ કૃષ્ણ શાસ્ત્રી, અધ્યક્ષ, ભારતીય ભાષા સમિતિ; ડૉ. શમ્સ ઈકબાલ, નિયામક, NCPUL; પ્રો. નઈમા ખાતૂન, વાઈસ ચાન્સેલર, અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટી; ડૉ. શાહિદ અખ્તર, અધ્યક્ષ, NCMEI; શ્રીમતી મનમોહન કૌર, સલાહકાર (ખર્ચ), શિક્ષણ મંત્રાલય; શ્રીમતી રીના સોનોવાલ કૌલી, સંયુક્ત સચિવ, શિક્ષણ મંત્રાલય; શ્રી પી. કે. બેનર્જી, સંયુક્ત સચિવ, શિક્ષણ મંત્રાલય; અને શિક્ષણ મંત્રાલયના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ડાક વિભાગ દ્વારા અમદાવાદમાં માર્કેટિંગ એક્ઝિક્યુટિવ વર્કશોપનું આયોજન, પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવે કર્યો શુભારંભ

ભારતીય ડાક વિભાગે ડિજિટલ અને આધુનિક સેવાઓ દ્વારા નાગરિકોના અનુભવને વધુ ઉત્તમ બનાવ્યો – પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવ

કમલમ્,

ડાક વિભાગ દેશના સામાજિક-આર્થિક વિકાસમાં પોતાની મહત્વપૂર્ણ ભૂમિકા મજબૂત બનાવતા સતત આધુનિક ટેકનોલોજી, ડિજિટલ સોલ્યુશન્સ તથા નવીનતાઓ દ્વારા પોતાની સેવાઓનો વિસ્તાર કરી રહ્યો છે. જનસેવાને કેન્દ્રમાં રાખીને વિભાગે પરંપરાગત ડાક વ્યવસ્થાથી આગળ વધી આજે નાણાકીય સમાવેશ, લોજિસ્ટિક્સ, ઈ-કોમર્સ સપોર્ટ તથા ડિજિટલ સેવાઓના ક્ષેત્રમાં એક વિશ્વસનીય સંસ્થા તરીકે પોતાની ઓળખ સ્થાપી છે. આ ઉદ્‌ગાર ઉત્તર ગુજરાત પરિક્ષેત્ર, અમદાવાદના પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે ક્ષેત્રીય કાર્યાલય, અમદાવાદ ખાતે આયોજિત એકદિવસીય 'માર્કેટિંગ એક્ઝિક્યુટિવ વર્કશોપ'ના શુભારંભ દરમિયાન વ્યક્ત કર્યા. આ અવસરે ઉત્તર ગુજરાત પરિક્ષેત્રના વિવિધ મંડળોના ૪૫ માર્કેટિંગ એક્ઝિક્યુટિવ તથા ડેવલપમેન્ટ ઓફિસર (ડાક જીવન વીમા) ઉપસ્થિત રહ્યા હતા. તેમને બચત બેંક, ડાક જીવન વીમા, ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંક, સ્પીડ પોસ્ટ, ઈન્ડિયા પોસ્ટ પાર્સલ, આંતરરાષ્ટ્રીય મેલ, ડાકઘર નિર્યાત કેન્દ્ર, જ્ઞાન પોસ્ટ, મેગેઝિન પોસ્ટ, રિટેલ પોસ્ટ, ઈ-પોસ્ટ, ઈ-પેમેન્ટ, આધાર સેવાઓ તેમજ વિવિધ મંદિરોના પ્રસાદ અને ગંગાજળની ડિલિવરી જેવી વિશિષ્ટ સેવાઓ સાથે સાથે તાજેતરમાં શરૂ કરવામાં

ડાક વિભાગ દ્વારા આયોજિત "માર્કેટિંગ એક્ઝિક્યુટિવ વર્કશોપ"માં પોસ્ટલ સેવાઓમાં નવીનતા, માર્કેટિંગ તથા ગ્રાહક જોડાણની રણનીતિ પર ભાર

આવેલી નવી પહેલોની વિસ્તૃત માહિતી આપવામાં આવી. આ સેવાઓના અસરકારક પ્રચાર-પ્રસાર અને ગ્રાહક જોડાણની રણનીતિઓ અંગે તેમને સશક્ત બનાવવાનું પણ વર્કશોપનું મુખ્ય લક્ષ્ય હતું. આ દરમિયાન સહાયક અધિક્ષક શ્રી ભાવિન પ્રજાપતિ દ્વારા પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવ્યું. પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું કે ડાક વિભાગ નવીનતમ ટેક્નોલોજી અપનાવીને ડિજિટલ પહેલો તથા આધુનિક સેવાઓ દ્વારા નાગરિકોના અનુભવને સતત વધુ ઉત્તમ બનાવી રહ્યો છે. કેન્દ્રીય સંચાર મંત્રી શ્રી જ્યોતિરાદિત્ય એમ. સિંધિયાજી ના દૃષ્ટિકોણથી પ્રેરિત થઈ ઉત્તર ગુજરાતમાં યુવાઓ માટે આઈઆઈટી ગાંધીનગર અને આઈઆઈએમ અમદાવાદ ખાતે એન-જન પોસ્ટ ઓફિસની શરૂઆત કરવામાં આવી છે. શહેરી વિસ્તારોના તમામ પોસ્ટ ઓફિસ સાથે-સાથે હવે ગ્રામ્ય વિસ્તારોમાં આવેલા બ્રાંચ પોસ્ટ ઓફિસો મારફતે પણ ડિજિટલ ચુકવણી જેવી આધુનિક સેવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે, જેના કારણે નાગરિકોને ઝડપી, સુરક્ષિત અને સુવિધાજનક સેવાઓનો લાભ મળી રહ્યો છે. ઉત્તર ગુજરાત પરિક્ષેત્રમાં એડવાન્સ્ડ પોસ્ટલ ટેકનોલોજી ૨.૦ અમલમાં આવ્યા બાદ ઓગસ્ટ માસથી અત્યાર સુધી અંદાજે ૩ લાખ ડિજિટલ ચુકવણીઓ સફળતાપૂર્વક કરવામાં આવી છે, જેનાથી ડિજિટલ ઈન્ડિયા અને કેશલેસ ઈકોનોમીને વધુ બળ મળ્યું છે. આ ઉપરાંત, ઈન્ડિયા પોસ્ટે ઓએનડીસી (ઓપન નેટવર્ક ફોર ડિજિટલ કોમર્સ)ના સહયોગથી માયસ્ટોર પ્લેટફોર્મ દ્વારા દેશભરમાં પાર્સલ પેકેજિંગ, બુકિંગ તથા ડિલિવરી સેવાઓને વધુ મજબૂત બનાવી છે. અમદાવાદ જીપીઓમાં પાયલટ આધાર પર નાના ઉત્પાદકો અને સોશિયલ સેલર્સને નિઃશુલ્ક વેરહાઉસિંગ સુવિધા આપવામાં આવી રહી છે. સાથે સાથે, વિદ્યાર્થીઓ માટે સ્પીડ પોસ્ટ તથા પાર્સલ બુકિંગ પર ૧૦% વિશેષ છૂટ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. ઉત્તર ગુજરાત પરિક્ષેત્રમાં ૧૪૦૦થી વધુ જથ્થાબંધ ગ્રાહકો છે. સ્પીડ પોસ્ટ વ્યવસાયને પ્રોત્સાહન આપવા માટે જે ગ્રાહકો દ્વારા માસિક ?૨ લાખથી વધુ વ્યવસાય આપવામાં આવે છે, તેમને બુકિંગ રકમ પર ૧૦%થી ૫૦% સુધીની છૂટની સુવિધા આપવામાં આવી રહી છે. ડિજિટલ યુગમાં પણ ઈન્ડિયા પોસ્ટની સેવાઓ વિશ્વસનીય, સુલભ અને જનહિતકારી છે અને તેમની અસરકારક માર્કેટિંગ દ્વારા વધુમાં વધુ લોકોને લાભાન્વિત કરી શકાય છે. આ વર્કશોપ દરમિયાન વિવિધ મંડળોના માર્કેટિંગ એક્ઝિક્યુટિવ્સ દ્વારા પોતાના ક્ષેત્રોમાં કરવામાં આવી રહેલા કાર્યોની રજૂઆત કરવામાં આવી, જેના પર વિસ્તૃત ચર્ચા તથા વિશ્લેષણ કરવામાં આવ્યું. સ્થાનિક પરિસ્થિતિ, પ્રાદેશિક ઉદ્યોગોની હાજરી તથા વ્યવસાયિક ક્ષમતાને ધ્યાનમાં રાખીને તેમને વિશિષ્ટ અને પરિણામલક્ષીવિકાસરણનીતિઓથી અવગત કરાવવામાં આવ્યા, જેથી ઝડપી, ટકાઉ અને અસરકારક વ્યવસાયિક વૃદ્ધિ સુનિશ્ચિત કરી શકાય. પ્રતિભાગીઓને ડિજિટલ માર્કેટિંગ, ગ્રાહક વર્તન વિશ્લેષણ, સોશિયલ મીડિયા રણનીતિઓ તથા પ્રચાર તકનીકો અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી. સાથે સાથે અનુભવ વહેંચવા અને નવીન વિચારોના આદાન-પ્રદાન માટે પણ અવસર પૂરા પાડવામાં આવ્યા. ગ્રાહકોની આવશ્યકતાઓને સમજી સેવા-આધારિત માર્કેટિંગ અપનાવવા પર ખાસ ભાર મૂકવામાં આવ્યો. સમીક્ષા દરમિયાનભવિષ્યનીપ્રાથમિકતાઓને અનુરૂપ નિર્ધારિત લક્ષ્યોની સમયબદ્ધ સિદ્ધિ તથા વ્યવસાયિક વૃદ્ધિને સુનિશ્ચિત કરવા પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો. સ્વાગત પ્રવચન સહાયક નિદેશક શ્રી અલ્પેશ શાહ દ્વારા અને આભાર નિવેદન શ્રી રિતુલ ગાંધી દ્વારા કરવામાં આવ્યું. કાર્યક્રમનું સંચાલન શ્રી ચિરાયુ વ્યાસે કર્યું.

વિકસિત-ભારત જી રામ જી કાયદો સ્વાવલંબી ગામોનો પાયો, ઈરોડમાં ખેડૂતો-કામદારો સાથે સંવાદમાં બોલ્યા કૃષિ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણ

કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે કહ્યું- કોઈને મજૂરો-કામદારોના પૈસા ખાવા દેવામાં આવશે નહીં

કમલમ્,

કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શ્રી શિવરાજ સિંહ ચૌહાણે સોમવારે તમિલનાડુના ઈરોડમાં જણાવ્યું કે વિકસિત ભારત-જી રામ જી કાયદો સ્વાવલંબી ગામોના નિર્માણની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે. ઈરોડમાં કામદારો અને શ્રમિકો સાથે સંવાદ દરમિયાન કેન્દ્રીય મંત્રીએ આ મહત્વાકાંક્ષી યોજનાની વિવિધ જોગવાઈઓની જાણકારી આપી. તેમણે કહ્યું કે આ કાયદો ગામડાઓમાં રોજગાર સર્જન, પાયાની સુવિધાઓના વિસ્તરણ અને આત્મનિર્ભરતાને સશક્ત બનાવવાની દિશામાં એક નક્કર પહેલ છે. શ્રી ચૌહાણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે જનભાગીદારીના માધ્યમથી વિકસિત અને સમૃદ્ધ ગામોનું લક્ષ્ય સાકાર થશે. કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે અત્યાર સુધી મનરેગામાં ૧૦૦ દિવસની રોજગારીની ગેરંટી હતી, પરંતુ ઘણી જગ્યાએ ન તો સમયસર રોજગાર મળતો હતો અને ન તો મજૂરીની ચુકવણી સમયસર થઈ શકતી હતી. તેમણે આને ગંભીર સ્થિતિ ગણાવતા કહ્યું કે આ પ્રકારની ખામીઓ અને ભ્રષ્ટાચારને દૂર કરવા માટે સરકારે આ યોજનામાં ફેરફાર કરીને વિકસિત ભારત-રામ જી કાયદો લાગુ કર્યો છે. તેમણે જણાવ્યું કે નવા કાયદા હેઠળ હવે ૧૦૦ દિવસને બદલે ૧૨૫ દિવસની રોજગારીની ગેરંટી આપવામાં આવી છે. જો નિર્ધારિત સમયગાળામાં કામ ન મળે, તો મજૂરોને બેરોજગારી ભથ્થું આપવામાં આવશે. વળી, મજૂરીની ચુકવણીમાં ૧૫ દિવસથી વધુ વિલંબ થવા પર વ્યાજ પણ આપવામાં આવશે. શ્રી ચૌહાણે કહ્યું કે વહીવટી ખર્ચને ૬ ટકાથી વધારીને ૯ ટકા કરવામાં આવ્યો છે, જેથી ફિલ્ડમાં કાર્યરત સ્ટાફને સમયસર પગાર મળી શકે અને વ્યવસ્થા વધુ અસરકારક બને. કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે નવા કાયદામાં ગ્રામસભાઓને સશક્ત બનાવવામાં આવી છે. હવે ગ્રામસભાઓ જાતે જ નક્કી કરશે કે તેમના ગામમાં કયા-કયા વિકાસ કાર્યો કરવાજોઈએ. તેમણે સ્પષ્ટ કર્યું

કે વિકાસ સાથે જોડાયેલા નિર્ણયો હવે ચેન્નાઈ કે દિલ્હીમાં નહીં, પરંતુ ગ્રામ્ય સ્તરે લેવામાં આવશે. શ્રી ચૌહાણે કહ્યું કે કેટલાક લોકો આ યોજનાને લઈને જાણીજોઈને ભ્રમણા ફેલાવી રહ્યા છે. તેમણે કહ્યું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ યોજનામાં ફેરફાર એટલા માટે કર્યો છે જેથી મજૂરો અને કામદારોના પૈસા સીધા તેમના ખાતામાં પહોંચે અને ભ્રષ્ટાચાર માટે કોઈ સ્થાન ન રહે.

ઈરોડમાં ટર્મરિક સિટી (હળદર શહેર) માટે ટેસ્ટિંગ લેબ ખોલવાની જાહેરાત

કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શ્રી શિવરાજ સિંહ ચૌહાણે ઈરોડની પ્રસિદ્ધ હળદર મંડીની મુલાકાત લીધી અને હળદર ઉત્પાદક ખેડૂતો અને વેપારીઓ સાથે વાતચીત કરી. આ દરમિયાન તેમણે ટર્મરિક સિટી ઈરોડમાં ટેસ્ટિંગ લેબ સ્થાપિત કરવાની જાહેરાત કરતા આઈસીએઆર (ICAR) ને જરૂરી નિર્દેશો આપ્યા. તેમણે કહ્યું કે આનાથી હળદરની ગુણવત્તા તપાસ, પ્રમાણીકરણ અને વધુ સારા માર્કેટિંગમાં ખેડૂતોને મદદ મળશે. કેન્દ્રીય મંત્રીએ ઈરોડમાં હળદર બોર્ડની પ્રાદેશિક કચેરીની સ્થાપનાના વિષયમાં પણ આશ્વાસન આપ્યું. તેમણે કહ્યું કે આ વિષય વાણિજ્ય મંત્રાલય સાથે સંબંધિત છે, પરંતુ કૃષિ મંત્રી હોવાને નાતે તેઓ પોતે આ સંબંધમાં પહેલ કરશે. તેમણે જણાવ્યું કે આનાથી હળદર ખેડૂતોને નીતિગત સહયોગ, બજાર સુધી બહેતર પહોંચ અને નિકાસની નવી તકો પ્રાપ્ત થશે. શ્રી ચૌહાણે કહ્યું કે ઈરોડ વિસ્તારમાં કોલ્ડ સ્ટોરેજનીઆવશ્યકતા અત્યંત મહત્વપૂર્ણ છે. તેમણે જણાવ્યું કે કેન્દ્ર સરકારની વિવિધ યોજનાઓ હેઠળ કોલ્ડ સ્ટોરેજ સ્થાપિત કરી શકાય છે અને તમિલનાડુ સરકારને આરકેવીવાય (RKVY) ફંડના ઉપયોગનો આગ્રહ કરવામાં આવશે. તેમણે સ્મગલિંગ (તસ્કરી) દ્વારા લાવવામાં આવી રહેલી હળદર પર રોક લગાવવાનું પણ આશ્વાસન આપ્યું અને કહ્યું કે આ તમામ વિષયો પર દિલ્હીમાં બેઠક કરીને નક્કર ઉકેલ લાવવામાં આવશે. સાથે જ તેમણે સારી ગુણવત્તાના બીજને કૃષિનો પાયો ગણાવતા આઈસીએઆર દ્વારા જરૂરી બીજ વિકાસ પર ભાર મૂક્યો.

મહિલા ખેડૂતો સાથે સંવાદ

કેન્દ્રીય મંત્રીએ કૃષિ ક્ષેત્રમાં થઈ રહેલા નવા પ્રયોગોનું પણ અવલોકન કર્યું. આ દરમિયાન તેમણે કૃષિ ઉત્પાદનોના ૧૦૦થી વધુ સ્ટોલનું નિરીક્ષણ કર્યું અને ખેડૂતો તેમજ ઉદ્યોગસાહસિકો સાથે તેમના ઉત્પાદનો, ગુણવત્તા અને સંભાવનાઓ પર ચર્ચા કરી. શ્રી ચૌહાણે ૧૦૦૦થી વધુ મહિલા ખેડૂતો સાથે સંવાદ કર્યો તથા વિવિધ ખેડૂત સંગઠનો અને પ્રગતિશીલ ખેડૂતો સાથે પણ મુલાકાત કરી. આ ઉપરાંત તેમણે સાંસ્કૃતિક કાર્યક્રમોમાં પણ ભાગ લીધો.

•Printer/Publisher/Owner &Editor : Mahesh N. Patel. •Printed At :-Capital Offset Plot No L801/1, Gidc, Sector -28, Gandhinagar •Published -At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028